॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

www.satvaramahamandal.org, Email : darpan@satvaramahamandal.org

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત માસિક

# સતવારા દર્પણ




જુલાઈ : ૨૦૨૬ વર્ષ - ૩૧ અંક : ૭ સળંગ અંક : ૪૩૦



પ્રમુખશ્રી
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

સતવારા દર્પણ તંત્રીશ્રી
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

મહામંત્રીશ્રી
ગીરીશભાઈ એસ. લકુમ
મો. ૯૮૭૯૩ ૫૯૧૧૩



પંચવર્ષિય રૂા. ૫૦૦ આજીવન રૂા. ૨૦૦૦ છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

# Ozat
## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટ્યુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના હોદ્દેદારશ્રીઓ

| ક્રમ | નામ | હોદ્દો | ગામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશભાઈ કે. મકવાણા | પ્રમુખ | ધંધુકા | ૯૪૨૬૩ ૯૪૯૯૯ |
| ૨ | શ્રી ગીરીશભાઈ એસ. લકુમ | મહામંત્રી | હળવદ | ૯૮૭૯૩ ૫૯૧૧૩ |
| ૩ | શ્રી ડી.એલ.પરમાર | ઉપ પ્રમુખ | દ્વારકા, ભાટીયા | ૯૪૨૭૪ ૪૪૭૦૦ |
| ૪ | શ્રી પ્રભુલાલ આર. નકુમ | ઉપ પ્રમુખ | રાજકોટ | ૯૮૨૫૨ ૧૬૮૦૩ |
| ૫ | શ્રી ડો. જીજ્ઞેશ એમ. હડીયલ | ઉપ પ્રમુખ | બોટાદ | ૯૭૧૪૨ ૭૫૦૨૭ |
| ૬ | શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા | ઉપ પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૫૩ ૬૨૭૬૩ |
| ૭ | શ્રી કલ્પેશભાઈ હડીયલ | ઉપ પ્રમુખ | જામનગર | ૯૮૨૫૯ ૮૮૮૮૯ |
| ૮ | શ્રી ભાવેશભાઈ કંઝારીયા | ઉપ પ્રમુખ | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| ૯ | શ્રી લાલજીભાઈ એમ. સથવારા | ઉપ પ્રમુખ | કચ્છ | ૯૮૭૯૦ ૦૨૯૮૩ |
| ૧૦ | શ્રી અરજણભાઈ એમ. રાઠોડ | ઉપ પ્રમુખ | હળવદ | ૯૮૭૯૧ ૯૧૨૫૩ |
| ૧૧ | શ્રી પ્રભુભાઈ એમ. ડાભી | ઉપ પ્રમુખ | જુનાગઢ | ૯૮૭૯૨ ૫૫૯૧૯ |
| ૧૨ | શ્રી પ્રો. કે.એસ. ચાવડા | ઉપ પ્રમુખ | અંકલેશ્વર | ૮૨૦૦૮ ૭૩૨૯૯ |
| ૧૩ | શ્રી પ્રકાશભાઈ એલ. કણઝારીયા | ઉપ પ્રમુખ | જામખંભાળીયા | ૯૮૭૯૪ ૯૧૪૩૨ |
| ૧૪ | શ્રી દલસુખભાઈ ચૌહાણ | મંત્રી | લીંબડી | ૯૮૨૫૭ ૭૬૧૭૮ |
| ૧૫ | શ્રી રસીકભાઈ પી. સતવારા | મંત્રી | માંડલ | ૯૯૯૮૦ ૪૨૮૭૯ |
| ૧૬ | શ્રી મહેન્દ્ર એમ. ચાવડા | મંત્રી | થાન | ૯૮૭૯૪ ૯૩૩૦૪ |
| ૧૭ | શ્રી મેરૂભાઈ કંઝારીયા | મંત્રી | મોરબી | ૯૮૨૫૦ ૯૯૮૦૮ |
| ૧૮ | શ્રી અમૃતલાલ જી. નકુમ (કાળુભાઈ) | મંત્રી | રાજકોટ | ૯૮૨૪૨ ૩૨૮૬૨ |
| ૧૯ | શ્રી વિઠ્ઠલભાઈ વી. સોનગરા | મંત્રી | દ્વારકા | ૯૦૬૫૨ ૧૧૧૧૧ |
| ૨૦ | શ્રી ભરતભાઈ આર. સોનગરા | મંત્રી | જામનગર | ૭૯૯૦૬ ૦૦૦૮૯ |
| ૨૧ | શ્રી રમેશભાઈ એલ. ચાવડા-(ખંભલાવ) | મંત્રી | બોટાદ | ૯૯૨૪૦ ૧૯૧૪૦ |
| ૨૨ | શ્રી લાલાભાઈ એન. ખાંદળા | મંત્રી | વડોદરા | ૯૪૨૬૩ ૭૪૩૭૭ |
| ૨૩ | શ્રી અમીતભાઈ જાદવ | મંત્રી | બાવળા | ૮૪૬૦૨ ૦૯૦૦૪ |
| ૨૪ | શ્રી મુકેશભાઈ કુમાર એન. ડાભી | મંત્રી | ગાંધીનગર | ૯૭૨૭૭ ૯૨૬૦૧ |
| ૨૫ | શ્રી મુકેશભાઈ એમ. સથવારા | મંત્રી | પાટણ | ૯૯૨૫૫ ૫૩૫૫૬ |
| ૨૬ | શ્રી વિજયભાઈ ખાંદલા | મંત્રી | રાજકોટ | ૮૮૬૬૬ ૪૧૯૦૧ |
| ૨૭ | શ્રી અલ્પેશભાઈ જે. ચાવડા | સંગઠન મંત્રી | અમદાવાદ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |
| ૨૮ | શ્રી નીતેશભાઈ કે. મકવાણા | સંગઠન મંત્રી | બોટાદ | ૯૮૯૮૫ ૫૬૯૯૮ |
| ૨૯ | શ્રી રાજેશભાઈ એસ. સોનગ્રા | સંગઠન મંત્રી | બગસરા | ૯૬૬૪૮ ૯૩૦૨૮ |
| ૩૦ | શ્રી રાજેશભાઈ બી. ચાવડા | સંગઠન મંત્રી | થાન | ૯૮૨૫૭ ૯૮૧૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | શ્રી પંકજકુમાર કે. પરમાર | ખજાનચી | અમદાવાદ | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| ૩૨ | શ્રી રમણભાઈ સી. મકવાણા | તંત્રી શ્રી સતવારા દર્પણ | અમદાવાદ | ૯૮૨૪૭ ૮૮૨૦૧ |
| ૩૩ | શ્રી શંકરભાઈ પી. કણઝરીયા | સહતંત્રી શ્રી સતવારા દર્પણ | સુરેન્દ્રનગર | ૮૦૦૦૩ ૩૧૪૧૧ |
| ૩૪ | શ્રી અંબાલાલ એલ. સતવારા | ઈન્ટરનલ ઓડિટર | અમદાવાદ | ૯૯૯૮૦ ૫૯૮૬૦ |
| ૩૫ | શ્રી હીતેશભાઈ પી. જાદવ | યુવામોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૪૯ ૩૪૨૪૬ |
| ૩૬ | શ્રી અમીતભાઈ સોનગરા | યુવામોરચો મહામંત્રી | જામનગર | ૯૯૭૯૨ ૭૫૭૯૧ |
| ૩૭ | શ્રી સતીષભાઈ જી. તારબુંદીયા | યુવામોરચો મહામંત્રી | હળવદ (ધનાળા) | ૯૯૦૪૨ ૦૩૯૩૮ |
| ૩૮ | શ્રીમતી નીતાબેન જે. રાઠોડ | મહિલા મોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૪૨૬૫ ૮૪૪૭૭ |

## શ્રી સમસ્ત સતવારા મહામંડળના ટ્રસ્ટીશ્રીઓની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી | ડો.આર.ડી.રાઠોડ | જામનગર | - | ૯૪૨૯૨૭૧૨૬૭ |
| શ્રી | ઠાકરશીભાઈ જે.ચૌહાણ | વઢવાણ | - | ૯૩૨૭૬૭૯૧૬૧ |
| શ્રી | કાંતીભાઈ આર પરમાર | વઢવાણ | - | ૯૮૭૯૫૭૦૫૬૭ |
| શ્રી | રામજીભાઈ એમ.મકવાણા | લીંબડી | - | ૬૩૫૫૫૮૩૨૪૯ |
| શ્રી | ઠાકરશીભાઈ બી. ડુમાણીયા | સુરત | - | ૯૮૨૪૭૩૮૦૧૮ |
| શ્રી | ચતુરભાઈ એમ. ચૌહાણ | રતનપર | - | ૯૭૨૪૩૪૮૭૨૧ |
| શ્રી | શંકરભાઈ આર. દલવાડી | લીંબડી | - | ૯૮૨૪૫૦૩૯૨૨ |
| શ્રી | રાજેશભાઈ કે. મકવાણા | ધંધુકા | - | ૯૪૨૬૩૯૪૯૯૯ |

**: તંત્રી શ્રી સતવારા દર્પણ :**

**શ્રી રમણલાલ સી. મકવાણા**

૨, વાસુદેવનગર, ગીરધરનગર ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ
અમદાવાદ-૩૮૦૦૦૪ મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

: વધુ સંપર્ક માટે :

**● પત્ર વ્યવહારના સરનામા ●**

-: શ્રી સમસ્ત સતવારા મહામંડળનું કાર્યાલય :-

**મહામંત્રી શ્રી ગીરીશભાઈ એસ. લકુમ**

**મો. ૯૮૭૯૩ ૫૯૧૧૩**

(૧) શ્રી સંદિપકુમાર ગોરધનભાઈ નકુમ
(વાનાવડ હાલ જામખંભાળીયા)

**સરનામું : શ્રી સતવારા વિદ્યાર્થી ભવન**

૧૩- પંચાલનગર, સંજીવની કોમ્પલેક્ષ પાછળ,
જુના વાડજ બસ સ્ટેન્ડ પાસે, નવા વાડજ રોડ,
અમદાવાદ- ૩૮૦ ૦૧૩

**ગૃહપતિ શ્રી : પ્રફુલભાઈ સી. મકવાણા**

વિદ્યાર્થી ભવન વાડજ, સંપર્ક નં. મો. ૭૦૪૩૭૦૪૪૪૬

**● યુ.કે. (લંડન) નિવાસી ●**

(૨) શ્રી હિતેષભાઈ વલ્લભભાઈ પરમાર (વતન ભાણવડ)

**સતવારા વિદ્યાર્થીભવન - વિદ્યાનગર**

ગૃહપતિ શ્રી અશ્વિનભાઈ મકવાણા - મો. ૮૯૮૦૯૩૧૧૯૦
વધુ સંપર્ક માટે
મો. નં. ૯૪૨૬૩૯૪૯૯૯/૯૮૭૯૩૫૯૧૧૩

# સતવારા વિદ્યાર્થી ભવન, વડોદરા

વ્હાલા જ્ઞાતિ બંધુ જય સિદ્ધનાથ,

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા સમગ્ર ટ્રસ્ટી મંડળ આપ સર્વે સમાજના વિદ્યાર્થીઓ તથા માનવંતા જ્ઞાતિબંધુ મહેમાનોનું શૈક્ષણિક-સંસ્કારી નગરી વડોદરા હાર્દિક સ્વાગત કરે છે.

આપણા ઈષ્ટદેવ સિદ્ધનાથ દાદાની અસીમ કૃપાથી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા સમાજને સ્વનિર્ભર બનાવવા સમાજના વિદ્યાર્થીઓ માટે વડોદરા વિદ્યાર્થી ભવનની નજીવી ફી રાખવાનો નિર્ણય લેવાયો છે.

આપણા સમાજના વાલીને આર્થિક હાશકારો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આવો આપણાં જીવનમાં સર્વે હળી-મળી સમાજને ઉપયોગી બની સમાજનો વિકાસ કરીએ.

શિક્ષણ ક્ષેત્રનું હબ ગણાતા વડોદરામાં અદ્યતન-પ્રસિદ્ધ મહારાજા સયાજીરાવ યુનિ, GMERS મેડિકલ કોલેજ, બરોડા હોમીયોપેથી કોલેજ, અક્ષર મહિલા કોલેજ, શ્રી મહાલક્ષ્મી મહિલા કોલેજ, બરોડા, પારૂલ યુનિ., સુમનદિપ વિદ્યાપીઠ K.M. શાહ ડેન્ટલ કોલેજ, મેડીકલ કોલેજ, બરોડા, મુનિસેવા આશ્રમ, બેંકર નર્સિંગ, મેડિકેર સેન્ટર, નારૂંપુર ઈન્સ્ટિટયૂટ જેવી મેડીકલ કોલેજ..

તેમજ સિગ્મા ઈન્સ્ટિટયૂટ, નવરચના યુનિ.,GSFC યુનિ. ITM યુનિ., ગર્વમેન્ટ પોલિટેકનિક, SBKS યુનિ., મનુભાઈ કોલેજ, TIMS યુનિ., SMJV યુનિ., કોલેજ, બાબરીયા ઈન્સ્ટિટયૂટ, ગુજરાત ઈન્સ્ટિટયૂટ, ઓરીયન ઈન્સ્ટિટયૂટ, ઈન્દુ મેનેજમેંટ કોલેજ, શ્રી કુસુમ આર્ટ કોલેજ, શ્રી સવિતા કોલેજ, એ.પી. નર્મદા કોલેજ, JM પંડ્યા યુનિ., જવાહરલાલ નહેરૂ યુનિ. જેવી કોલેજ આપણા સતવારા વિદ્યાર્થી ભવન વડોદરાની નજીક તેમજ ત્યાં પહોંચવા ઉત્તમ સગવડ મળી રહે તેવા શહેરના મધ્યમાં શાંત-નયન રમણિય વડોદરાના હૃદય સમાન કારેલીબાગ વિસ્તારમાં આવેલી છે.

આપણા સમાજના (ભાઈઓ) વિદ્યાર્થીને નજીવી ફી ધોરણે હોસ્ટેલમાં રહી મેડિકલ, ફાર્મા, નર્સિંગ, એન્જિનીયર, આર્કિટેક્ટ, વિવિધ પ્રોફેશનલ કોર્ષ IPS,

Hostel Facility




UPSC, ટ્રેનીંગ ડિપ્લોમાં, ડિગ્રી, માસ્ટર, પીએચડી, મેનેજમેંટ, આર્ટ માટે અભ્યાસ કરી શકે છે. બહાર ગામના સમાજના જ્ઞાતિબંધુ નોકરી-વ્યવસાય-ટ્રેનીંગ માટે આવ્યા હોય તેમને રહેવા તથા જમવાની વ્યવસ્થા મળશે.

સમાજના વિદ્યાર્થી સ્વજન તથા પોતાના ઘરથી દુર રહી બહારનું ભેળ-સેળવાળા ભોજનથી તેમનું સ્વાસ્થ્ય ના બગડે તેનું ધ્યાન રાખી, ગૃહપતિ સંચાલિત ભોજનાલયની વ્યવસ્થા ટુક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. (વિદ્યાર્થીએ ભોજનાલયનો ચાર્જ સંચાલકને ચૂકવવાનો રહેશે.)

ગૃહપતિની દેખરેખમાં સમાજ ભવનના રસોડામાં જ સાત્વિક ભોજન બનાવી વિદ્યાર્થીને પરોસવામાં આવશે. અવાર નવાર ટ્રસ્ટી દ્વારા આકસ્મિક મુલાકાત લઈ વિદ્યાર્થીના ભોજન-ગુણવત્તા-સ્વાદનું ધ્યાન રાખવામાં આવશે.

ગૃહપતિ તથા ટ્રસ્ટીશ્રી દ્વારા દરેક વિદ્યાર્થી સાથે પ્રેમાળ-મિત્રતા સભર તેમની રૂબરૂ મુલાકાત લઈ તેની

તકલીફ-જરૂરિયાતનું પુરતુ ધ્યાન રાખવામાં આવે છે. વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીને શિસ્તબધ નિયમો તથા ઘર જેવું અનુકુળ વાતાવરણનો સુમેળ મળી રહે છે.

સતવારા સમાજના વિદ્યાર્થી ભવન વડોદરામાં વિભિન્ન ગામોના સતવારા વિદ્યાર્થીઓએ અભ્યાસ-અર્થે બોર્ડિંગનો લાભ લઈ રહ્યા છે. ભવનની માવજત-સાચવણી માટે ૨૪ કલાકના ગૃહપતિ સેવામાં રાખ્યા છે. વિદ્યાર્થી માટે વપરાશ હેતુ પાણીનો બોર તથા પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે વોટર પ્યોરી ફાયર તેમજ ઠંડા પાણીના કુલર વ્યવસ્થા મળી રહે છે. શિયાળામાં વિદ્યાર્થીઓને ન્હાવા માટે ગરમ પાણી મળી રહે તે માટે વોટર હીટરની વ્યવસ્થા રાખેલ છે. તેમજ ભવનની બિલ્ડીંગને CCTV કેમેરાથી સુસજ્જ કરી સમગ્ર ભવનને સુરક્ષિત બનાવી વાઈફાઈથી ટ્રસ્ટી દ્વારા ૨૪ કલાક નજર રાખવામાં આવે છે.

વિદ્યાર્થીઓને એકાંતમાં વાંચન માટે લાયબ્રેરી (વાંચન રૂમ) આપવામાં આવે છે. ગૃહપતિની દેખરેખમાં સમગ્ર ભવનની સ્વચ્છતાનું પુરૂં ધ્યાન રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીના રૂમ સ્વચ્છ-સુંદર-શાંત-વાતાવરણ મળી રહે છે. વિદ્યાર્થીઓ માટે દરેક રૂમમાં લાઈટ-પંખા, પલંગ, વ્યવસ્થા છે. તથા (રૂમ દીઠ) કોમન તિજોરી કબાટ, રાઈટીંગ ટેબલની સગવડ ટુક સમયમાં કરવામાં આવનાર છે.

ત્રણ માળના ભવનમાં માળ દીઠ કોમન બાથરૂમ-ટોઈલેટની સુવિધા મળશે. વિદ્યાર્થી ભવનના કમ્પાઉન્ડમાં સુરક્ષિત પર્સનલ પાર્કિંગ મળશે.

સમાજ ભવનમાં રહેતા વિદ્યાર્થીઓને જરૂર પડે ડૉક્ટર, ફાર્મસી, બેંક, પોસ્ટ, સ્ટેશનરી, સલૂન, ધોબી, રીક્ષા, બસ/રેલ્વે સ્ટેન્ડ, હોટલ-લોજ, ટિફિન સેવા, સિનેમા-મોલ, માર્કેટ-અન્ય જરૂરી બજાર નજીકમાં જ મળી રહેશે. વડોદરાના તથા બોર્ડિંગના સતવારા વિદ્યાર્થીઓને ''સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ'' છેલ્લા દસ વર્ષથી અવિરતપણે રાહતદરે નોટબુક વિતરણ કરવામાં આપણે સફળતા મેળવી રહ્યું છે.

આપણા સતવારા સમાજના બહાર ગામના મોંઘેરા મહેમાનો તથા યાત્રાળુઓ, નોકરીયાત માટે, તેમજ બહાર ગામના પરિક્ષાલક્ષી સ્નાતકો ખાસ સમાજનું ભવિષ્ય સમા વિદ્યાર્થીઓ, મહેમાનો ઉતારા આપી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરાએ ''અતિથિ દેવો ભવ'' સૂત્રને સાર્થક કર્યુ છે.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા સતવારા સમાજના વિદ્યાર્થી મિત્રો માટે વાર્ષિક (શૈક્ષણિક) રોકાણ માટે ફી રૂ. ૧૨૫૦૦ તેમજ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ તથા મહેમાનોને નોકરી-વેપાર ટ્રેનિંગ અર્થે માસિક રોકાણ માટે ફી રૂ. ૨૭૦૦ તથા દૈનિક રોકાણ માટે ફી રૂ. ૧૫૦ નજીવી ફી ધોરણે રહેવાની વ્યવસ્થા-સેવા સ્વરૂપે આપવામાં આવશે. વિદ્યાર્થી ભવનમાં એડમિશનની કામગીરી વહેલા તે પહેલા ધોરણે વિદ્યાર્થીના જે તે ગામના સતવારા સમાજ પ્રમુખ /કાર્યકર્તાની ભલામણ ફરજીયાત આપી, ફોર્મ તથા ફી ભરી આપવામાં આવશે.

અમને ગર્વ સાથે જણાવતા આનંદ થાય છે કે,અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો અહીં ભણીને આજે એન્જીનીયર , ડૉકટર, વકીલ, પ્રોફેસર, શિક્ષક, મેનેજર, પોલીસ, આર્કિટેક્ટ, સારી કંપનીમાં નોકરી મેળવી છે તેમજ સફળ બીઝનેસમેન બન્યા છે. તેમના માતા-પિતા કે કુટુંબ જ નહીં, સમગ્ર સતવારા સમાજનું નામ ઉજાગર કર્યું છે.

જુના ટ્રસ્ટી મંડળ, અનુભવી વડીલો તથા યુવામંડળના કાર્યકરોના સાથ-સહકાર, માર્ગદર્શન તેમજ ઉદાર ગામ તથા બહાર ગામના દાતાશ્રીઓના મળેલ દાન માટે અમો આપના ઋણી છીએ. આપના સહકાર બદલ ''સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા'' આપનો અને આપના પરિવારનો અંતરથી આભાર માનીએ છીએ.

**સંકલન : લાલાભાઈ એન. ખાંદળા**
**(મંત્રી : (સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા)**
**હીરાવંતી ચેમ્બર પાછળ, આર્ય કન્યા વિદ્યાલય પાસે,**
**બહુચરાજી રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮**
**માહિતી સંપર્ક મો.નં. ૯૪૨૬૩ ૭૪૩૭૭**

# શ્રી સિદ્ધનાથ મહાદેવ ધર્માદા ટ્રસ્ટ સમૈયા ઉત્સવ ૨૦૨૬

શ્રી સિદ્ધનાથ મહાદેવ ધર્માદા ટ્રસ્ટ વિરમગામમાં છેલ્લા એક માસથી અનુભવી આગેવાનો અને વડીલોના માર્ગદર્શનથી વિરમગામના સાહસિક ઉત્સાહી યુવાનોના અથાક પ્રયત્નો અને સાથ સહકાર દ્વારા તૈયાર કરી તા. ૧૮-૦૨-૨૦૨૬ ને સાંસ્કૃતિક પ્રોગ્રામ તથા તા. ૧૯-૦૨-૨૦૨૬ને ફાગણ સુદ બીજને ગુરૂવારના રોજ મંદિરના પટાંગણમાં રંગોળી પુરવી, બાઈક, રેલી, અભિષેક વિધિ, લઘુરૂદ્ર યજ્ઞ, ધર્મસભા, મહાદેવજીની શોભાયાત્રા, ધજાની વિધિઓ તેમજ સંતોના આર્શીવચન અન સામાજીક તેમજ ધાર્મિક પ્રોગ્રામો અને મહાપ્રસાદ સાથે ૧૧૧ માં સમૈયા ઉત્સવનો ધામધૂમથી ઉજવવા સમસ્ત સથવારા જ્ઞાતિબંધુઓ દ્વારા એક સાથે હળીમળી ખભેખભો મીલાવી સાથસહકાર આપી અપાવી ખુબ ભવ્ય તૈયારી કરી હતી અને ઉજવણી કરવામાં આવેલ છે.

જે અંગે ફાગણસુદ એકમના આગળના દિવસે સિદ્ધનાથ મહાદેવના મંદિરના પટાંગણમાં વિરમગામના ઉત્સાહી યુવાનો દ્વારા સમાજની બહેનો દીકરીઓ પાસે રંગબેરંગી અલૌકિક રંગોળીઓ બનાવવાનું આયોજન ચા-નાસ્તા સાથે કરીને **મંદિરને ખૂબ સુંદર રંગબેરંગી ફૂલો અને રંગોળીઓ દ્વારા સુશોભિત કરવામાં આવેલ છે.** તેમજ તા. ૧૮-૦૨-૨૦૨૬ને ફાગણ સુદ એકમને બુધવારે યુવાનો દ્વારા પધારેલ સંત શ્રી નાનુરામ ભગત-બરવાળા, તથા સાહિત્યકાર શ્રી કાંતીભાઈ માસ્તર, શ્રી વાલજીભાઈ નાનજીભાઈ જાદવ, શ્રી શામજીભાઈ મોરી, શ્રી સિદ્ધનાથ મહાદેવ ધર્માદા ટ્રસ્ટ વિરમગામના ટ્રસ્ટીઓ તથા અન્ય આગેવાનોની હાજરીમાં શ્રી મુકેશભાઈ દલવાડી (સાહેબ) દ્વારા સ્ટેજ સંબોધીને સાંસ્કૃતિક પ્રોગ્રામના આયોજનની શરૂઆત કરવામાં આવેલ જેમાં સમાજની દિકરીઓ દ્વારા શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિરનો ઈતિહાસ તેમજ સમાજના આગેવાનો, અને નેતાઓ તેમજ સમસ્ત સતવારા સમાજના ઈતિહાસની પ્રશ્નોત્તરીનું સ્ટેજ પરથી આયોજન કરવામાં આવેલ અને ત્યાર બાદ સાંજે સમુહભોજનના દાતાનો લાભ શ્રી રમેશભાઈ મફાભાઈ કણજરીયા અને શ્રીમતી ગોદાવરીબેન પરભુદાસ લકુમના દ્વારા લેવામાં આવેલ અને ત્યાર બાદ રાત્રે ૦૯-૦૦ કલાકે લોક ડાયરાનું આયોજન ટ્રસ્ટ તરફથી કરેલ જેમાં શ્રી ગોપાલભાઈ સાધુ, બિન્દુબેન રામાનુજ, અને શ્રી ધવલભાઈ ઝાલા જેવા કલાકારો દ્વારા સમાજના આગેવાનો અને વઢવાણના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની હાજરી સાથે મહામંડળના પ્રમુખ શ્રી રાજુભાઈ મકવાણા, શ્રી અલ્પેશભાઈ ચાવડા, શ્રી વાલજીભાઈ જાદવ, શ્રી નંદકિશોરભાઈ એસ. કણઝરીયા, શ્રી વિજયભાઈ ખાંદળા, શ્રીમતી આશાબેન નકુમ, શ્રી અમીતભાઈ જાદવ વિગેરે અનેક ગામેગામના આગેવાનોએ આ ભવ્ય ડાયરાની શોભા વધારીને ભજન અને ભક્તિનું રસપાન કરેલ અને ત્યાર બાદ તા. ૧૯-૦૨-૨૦૨૬ને ફાગણ સુદ બીજના દિવસે સવારમાં ૭-૩૦ કલાકે સમાજના ઉત્સાહી યુવાનો દ્વારા સમગ્ર વિરમગામમાં જય સિદ્ધનાથના નારા અને ડીજે મ્યુઝીક સાથે ભગવાનના આ પ્રસંગ નિમિતે શિસ્તબદ્ધ રીતે ૫૦૦ જેટલા બાઈકની ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલ હતુ અને રેલી પરત આવતા **ભગવાનની અભિષેક વિધિ યજમાન શ્રી રાજુભાઈ ધરમશીભાઈ ચાવડા રહે વિરમગામ**ના દ્વારા શાસ્ત્રોકત વિધિ અનુસાર કરાવવામાં આવેલ અને મંદીરના પટાંગણમાં ભગવાનનો લઘુરૂદ્ર યજ્ઞ યજમાન શ્રી કનુભાઈ મધુભાઈ ડાભી પરિવાર, વિરમગામ દ્વારા તથા તેની સાથે અન્ય ૧૬ યજ્ઞના લાભ લેવા પાટલાના યજમાનો શ્રી સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શરૂ કરવામાં આવેલ અને ગામોગામથી પધારેલ સમસ્ત સતવારા જ્ઞાતિબંધુઓ આ અલૌકિક પ્રસંગમાં દર્શનનો લાભ લઈ સભા મંડપમાં પધારેલ અને ત્યારબાદ સમાજના આગેવાન સાહિત્યકાર શ્રી કલ્પેશભાઈ ચાવડા લીંબડીના મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રી શંકરભાઈ આર. દલવાડીની હાજરીમાં સભાનું સંબોધન ચાલુ કરવામાં આવેલ જેમાં ધ્રાંગધ્રા, હળવદ, સુરેન્દ્રનગર, લીંબડી, બોટાદ તથા માંડલ, રાજકોટ, અમદાવાદ, ગોરૈયા, દુદખા, વઢવાણ, મેતાસર,

ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ, ધંધુકા તેમજ ગુજરાતભરમાંથી સમાજના તમામ આગેવાનો અને સમાજ શ્રેષ્ઠીઓની હાજરીમાં આપણા નિમંત્રણને માન આપી પધારેલ **પૂજ્ય સંતો શ્રી મહાસુખબાપુ બોટાદ, શ્રી રામદાસ બાપુ, પ.પૂ. શ્રી પરસોતમદાસ બાપુ ચાણસ્માના બાપુનુ સન્માન** કરી તેમના આર્શીવચનો સાંભળી આશીર્વાદ લઈ આપણા ૧૧૧માં સમૈયા ઉત્સવના આયોજનની રૂપરેખા મુજબ ભગવાનની **ધજાઓ અંગે ઉછામણીઓના લાભોમાં** મંદિરના મુખ્ય શિખરની બાવન ગજની ધજા ગત વર્ષની માફક વિરમગામ સ્થિત જય સિદ્ધનાથ ટ્રેડીંગ કાું. પેઢી દ્વારા, તથા શ્રી ગણપતિબાપાની ધજા ગત વર્ષની જેમ વિરમગામના શ્રી કિરણભાઈ ભીખાભાઈ દલવાડી દ્વારા, શ્રી વચલા શિખરની ધજા શ્રી અશ્વિનભાઈ જયંતીભાઈ ડુમાણિયા વિરમગામ દ્વારા શ્રી હનુમાનજી દાદાની ધજા વિરમગામના શ્રી રાજુભાઈ ધરમશીભાઈ ચાવડા દ્વારા, શ્રી શીતળામાતા બળિયાદેવની ધજા વિરમગામના અશ્વિનભાઈ જયંતીભાઈ ડુમાણિયા દ્વારા શ્રી અન્નપૂર્ણા માતાની ધજા વિરમગામના શ્રી પ્રભુભાઈ છનાભાઈ ગોળવાળા દ્વારા લેવામાં આવેલ અને અન્નપૂર્ણા ભોજન પ્રસાદનો લાભ વિરમગામ સ્થિત જય સિદ્ધનાથ ટ્રેડીંગ કાું. પેઢી દ્વારા લેવામાં આવેલ અને સાથે સાથે **શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિરના મુખ્ય શિખરની ધજા અંગે આગામી બીજ સુધીના દરેક માસની અમાસ તથા પૂનમની તથા શ્રાવણ માસમાં અમાસ સિવાય રોજેરોજની ધજા ચઢાવવા તેમજ આવતા વર્ષ લઘુરૂદ્ર યજ્ઞમાં બેસવાના યજમાન અંગે ઉછામણીઓની જાહેરાત કરેલ** અને તેમાં સમસ્ત સમાજના જ્ઞાતિબંધુઓએ ધર્મલાભ લીધેલ અને પછી લાભ લેનાર દ્વારા ભગવાનની ધજાઓ પુજાવિધિ સાથે ચડાવવામાં આવેલ તેમજ પધારેલ સમસ્ત જ્ઞાતિબંધુઓનુ સમુહ મધ્યાહન ભોજન પ્રસાદ લેવામાં આવેલ અને **ભગવાનની પાલખીની શોભાયાત્રા માટે પાલખીના શ્રી જય તરીકે શ્રી અશ્વિનભાઈ જયંતીભાઈ ડુમાણિયા અને શ્રી વિજય તરીકે શ્રી વિનોદભાઈ પ્રભુભાઈ કણઝરીયા અને શ્રી છડીધારી તરીકે શ્રી રમણભાઈ શીવાભાઈ દલવાડી પરિવાર દ્વારા લાભ લઈ ભગવાનની ભવ્ય શોભાયાત્રા લાઇવ ડીજે સાથે વાજતે ગાજતે વિરમગામ શહેરનાં સમગ્ર વિસ્તારોમાં જેમાં સતવારા સમાજનો વિસ્તાર ઉત્સાહી યુવાનો અને જ્ઞાતિબંધુઓએ ઠંડા પાણી, છાશ, તથા ફ્રૂટ ડીસ અને નાસ્તા વિતરણ સ્ટોલો કરી શોભાયાત્રાને વધાવેલ** અને શોભાયાત્રા પરત આવતા તમામ જ્ઞાતિબંધુઓએ ભગવાનની પાલખી સાથે સભામંડપમાં ગરબા લેવામાં આવેલ અને **પાલખીમાં ભગવાનને શ્રી દિપકભાઈ કાનજીભાઈ પરિવાર દ્વારા પોખવામાં આવેલ અને શ્રી ગણપતભાઈ જગમાલભાઈ કણજરીયા પરિવાર દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવેલ ભગવાનને મંદિરમાં પધરામણી કરવામાં આવેલ પછી જ્ઞાતિસભા શરૂ કરવામાં આવેલ** જેમાં આવતા વર્ષે ૧૧૨મા સમૈયા ઉત્સવની સાંસ્કૃતિક પ્રોગ્રામો સાથે ભવ્યથી ભવ્ય ઉજવણી કરવા જણાવેલ તથા શૈક્ષણિક અને સામાજીક પ્રવચનો દ્વારા આપવામાં આવેલ. અને ૫-૦૦ કલાકે લઘુરૂદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ કરવા અંગે નાળિયેર હોમવામાં આવેલ અને અન્નપૂર્ણાના દાતાશ્રીઓ દ્વારા ભગવાનને થાળ ધરાવીને પછી ધ્રાંગધ્રા, હળવદ, સુરેન્દ્રનગર, લીંબડી, બોટાદ, માંડલ, રાજકોટ, અમદાવાદ, ગોરૈયા, દુદખા, મેતાસર, ગાંધીનગર, પાટણ, મહેસાણા, અમદાવાદ, ધંધુકા, તેમજ ગુજરાતભરમાંથી પધારેલ સમસ્ત સતવારા સમાજના આશરે વીસ હજાર જેટલા તમામ જ્ઞાતિબંધુઓની હાજરીમાં તમામ અન્ય દાતાશ્રીઓનું તમામ વિરમગામના કાર્યકર્તાઓ, પધારેલ આગેવાનો અને સમાજના અગ્રણીઓનું શાલ અને પુષ્પોથી સન્માન કરી કરાવીને ભગવાનનો મહાપ્રસાદ (ચોખ્ખા ઘીના શીરા) સાથે ભોજન પ્રસાદ લેવામાં આવેલ જેમાં વિરમગામના તમામ ઉત્સાહી યુવાનો વડીલો અને બહેનો દ્વારા એક માસ ઉપરાંતથી હાથોહાથ દરેક કામકાજ કરી કરાવી ખુબ સાથ સહકાર આપેલ હોઈ આ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અલગ અલગ કમિટીઓ બનાવવામાં આવેલ તે દરેક કમિટીઓનો હું હૃદય પૂર્વક આભાર માનું છું. કહેવત છેને **''ઝાઝા હાથ રળીયામણાં''** અને અમો સિદ્ધનાથ મહાદેવ ધર્માદા ટ્રસ્ટના તમામ પ્રસંગો ઉત્સવોમાં આવો જ સાથ સહકાર આપના દ્વારા અમોને મળતો રહે એવી અમો ટ્રસ્ટ મંડળની ભગવાનને પ્રાર્થના સાથે સૌને અમારા જય સિદ્ધનાથ.

**- લિ. અમીત જે. સથવારા (એડવોકેટ) વિરમગામ**

# સતવારા જ્ઞાતિ મંડળ સુરત આયોજીત

# ૩૨ મું સ્નેહ મિલન ''ગૌરવ મિલન'' તા. ૩૧-૦૫-૨૦૨૬ ને રવિવાર

સતવારા જ્ઞાતિ મંડળ સુરત આયોજીત સુરત વિસ્તારમાં વસતા સતવારા ભાઈ બહેનોનું ૩૨મું સ્નેહ મિલન ''ગૌરવ મિલન'' ના નામે રાખવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે નોટબુક વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૩૧-૦૫-૨૦૨૬ને રવિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે રામાયણ ફાર્મ, પુણાગામ, વલથાણ કેનાલ રોડ, સુરત મુકામે રાખવામાં આવ્યો હતો.

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ સુરતના પ્રમુખશ્રી રામજીભાઈ બી. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સભાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્નેહ મિલનમાં શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાન સભા, ગુજરાત રાજ્ય) શ્રી માવજીભાઈ પી. નકુમ (પ્રમુખ શ્રી, હરિદ્વાર ધર્મશાળા), શ્રી શંકરભાઈ દલવાડી (પૂર્વ ચેરમેન, હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ) એ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી.

સભાની શરૂઆતમાં બહારગામથી પધારેલ મહેમાનોને આવકારી અને મંચ પર સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી. સાળંગપુર ધામ સુરતના મહંત શ્રી બાલકદાસ બાપુ, સુરત જ્ઞાતિ મંડળના ટ્રસ્ટીઓ, આગેવાનો તેમજ હોદ્દેદારોને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરવા જણાવવામાં આવ્યું. આ ઉપરાંત બહારગામથી પધારેલ અન્ય મહાનુભાવો તેમજ સુરતના નિયુક્ત સરકારી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ પણ મંચ પર બિરાજી સમાજની શોભા વધારી હતી. સૌ પ્રથમ રાષ્ટ્રગીત અને ત્યારબાદ સિદ્ધનાથ દાદા સમક્ષ દીપ પ્રાગટ્ય અને પ્રભુ વંદના સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

સમાજની બાળાઓ દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કર્યા બાદ, મંચ પર બિરાજમાન મહેમાનોનું પુષ્પ ગુચ્છ આપી, ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સુરત સતવારા જ્ઞાતિ મંડળના સલાહકાર અને ટ્રસ્ટી શ્રી રમેશચંદ્ર એમ. મકવાણાએ તેમના સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, આપણું આ સ્નેહમિલન જેના સાથ, સહકાર, સહયોગ અને હાજરી વગર શક્ય જ નથી, એવા મારા જ્ઞાતિ બંધુઓ, બહેનો, વડીલો અને બાળકોનું, હું આ સ્નેહ મિલનમાં અંતરના ઊંડાણથી સ્વાગત કરૂં છું. સ્નેહમિલનમાં પધારેલ, મહેમાનો, સરકારી અધિકારીઓ, ટ્રસ્ટી મંડળ, જ્ઞાતિ મંડળના હોદ્દેદારો, કાર્યકરોનું પણ શબ્દ પુષ્પો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી રમેશચંદ્ર મકવાણાએ સતવારા જ્ઞાતિ મંડળની ગયા વર્ષની કામગીરીનો અહેવાલ આપ્યો હતો.

સ્નેહ મિલન કાર્યક્રમને આગળ વધારતા, ૩૨મા સ્નેહ મિલનના દાતાઓના સન્માનનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. તે દરમ્યાન વચગાળાના સમયમાં સમાજના બાળકોએ તેમને તેમની વિવિધ કૃતિઓ રજુ કરી હતી.

**નીચે દર્શાવ્યા પ્રમાણે**

.(૧) **પ્રાર્થના :** મોરી પ્રિયા પ્રદીપભાઈ, મકવાણા પંક્તિ અરવિંદભાઈ

(૨) **કૃતિ : હે નાથ લિયા....**

મકવાણા શ્રેયાંસ જયેશભાઈ મકવાણા પરી હરેશભાઈ

લકુમ ક્રિશ્ન જીગ્નેશભાઈ મકવાણા હિયાંસ

(૩) **ભક્તિ ગીત : રણછોડ રંગીલા ...**

ચૌહાણ રાશી રવિકુમાર ચૌહાણ ધ્યાના રવિકુમાર

(૪) **ભક્તિ ગીત : રામ સિયા રામ...**

રાઠોડ ધાર્મિ નીલેશભાઈ રાઠોડ ધ્રુવી લાલજીભાઈ

રાઠોડ રચના હિતેશભાઈ જાદવ હસ્તી હરેશભાઈ

કણઝરીયા ભક્તિ ઘનશ્યામભાઈ કણઝરીયા વિશ્વા બાબુભાઈ

કણઝરીયા અર્ચના બાબુભાઈ જાદવ દેવાંસ વિજયભાઈ

સોનગરા ત્વિષા કલ્પેશભાઈ ચાવડા ભૂમિ દિલીપભાઈ

(૫) **ડાન્સ : ડાન્સ કા ભૂત ચઢિયા..**

કણઝરીયા ધ્યેય સંદીપભાઈ કણઝરીયા જેનીલ જીતેન્દ્રભાઈ

કણઝરીયા શ્રેયા સંજયભાઈ
કણઝરીયા કાવ્યા ભાવેશભાઈ પરમાર શ્લોક ભાવેશભાઈ

(૬) **દેશભક્તિ ગીત : વતન યાદ રહેગા...**
કણઝરીયાનવ્યા અલ્પેશભાઈ કણઝરીયા જિયાન અલ્પેશભાઈ
રાઠોડ પરી વિપુલભાઈ રાઠોડ માહી રવીન્દ્રભાઈ

(૭) **બાગબાન...**
મકવાણા જાનવી રમેશભાઈ મકવાણા સ્નેહા રમેશભાઈ
મકવાણા હેમાંગી ઘનશ્યામભાઈ
મકવાણા દેવાંસી પ્રકાશભાઈ
મકવાણા મિત પ્રકાશભાઈ મકવાણા ગ્રંથ રમેશભાઈ
મકવાણા મંથન ઘનશ્યામભાઈ ચૌહાણ શ્રેયા પ્રવીણભાઈ
પરમાર વેદાંસ સંદીપભાઈ

(૮) **કૃતિ : મોબાઈલ એક બુરી બલા...**
હડીયલ કલ્પ હિંમતભાઈ પરમાર જયેશ ધરમશીભાઈ
ડાભી યશ કૌશિકભાઈ સોનગરા મીશ્વા કિરણભાઈ
નકુમ હિમાંશ ગોવિંદભાઈ પરમાર સિદ્ધાર્થ રમેશભાઈ
ડાભી શ્રેયા ભરતભાઈ ડાભી યશ્વી ભરતભાઈ
નકુમ જીયાંશીમીતેશભાઈ કણઝરીયા ઉર્વી નરેશભાઈ

(૯) **કૃતિ : લાઠી દાવ...**
મોરી ચૌહાણ વત્સલ કિશોરભાઈ
મોરી ચૌહાણ ઋષભ રાજેશભાઈ રાઠોડ તીર્થ ભરતભાઈ

(૧૦) **વ્યક્તિગત કૃતિ : ગીત ગાન...**
રાઠોડ માહી રવીન્દ્રભાઈ
**ગીતાશ્લોક ગાન...** સોનગરા બંસી રમેશભાઈ
**બેલેન્સ...** કટેશિયા પ્રિન્સ ચંદ્રેશભાઈ

સંમેલનમાં હાજર મેદનીએ આ કૃતિઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. વિવિધ પ્રશંસકોએ બાળકોને પ્રોત્સાહન ઈનામો આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ વરસે ધોરણ એક થી ધોરણ બારમાં પ્રવેશ લેનાર જ્ઞાતિના બાળકોને સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ બી. ચૌહાણના પરીવાર દ્વારા વિનામુલ્યે નોટબુકો આપવામાં આવી હતી. આ ઉપરાંત ધોરણ દસ અને બાર (સાયન્સ અને કોમર્સ)ની બોર્ડની પરીક્ષામાં એક થી ત્રણ નંબર મેળવનાર સુરતના તેજસ્વી તારલાઓનું મેડલ અને સર્ટિફિકેટ આપી બહુમાન કરવામાં આવ્યું.

**ધોરણ-૧૦**

| ક્રમ | નામ | બોર્ડમાં ટકાવારી |
|---|---|---|
| પ્રથમ | પરમાર દર્શન જયેશભાઈ | ૯૫.૬૭ |
| દ્વિતીય | મકવાણા અરચ તુષારભાઈ | ૯૫.૧૭ |
| તૃતીય | મકવાણા દીપકુમાર જીતેન્દ્રભાઈ | ૯૪.૮૩ |

**ધોરણ-૧૨ સાયન્સ**

| | | |
|---|---|---|
| પ્રથમ | કણઝરીયા શ્રેયાંક લાલજીભાઈ | ૯૧.૮૫ |
| દ્વિતીય | ચાવડા દેવાન્સી ચંદુભાઈ | ૮૮.૦૦ |
| તૃતીય | ચૌહાણ કૃતિકાબેન પ્રભુભાઈ | ૮૬.૨૯ |

**ધોરણ-૧૨ કોમર્સ**

| | | |
|---|---|---|
| પ્રથમ | પરમાર અર્પિતા જયેશભાઈ | ૯૫.૭૧ |
| દ્વિતીય | નકુમ ઉદય કિશોરભાઈ | ૯૪.૧૩ |
| તૃતીય | મકવાણા પ્રગતિ કલ્પેશભાઈ | ૯૩.૧૪ |

કાર્યક્રમને આગળ વધારતા સ્નેહ મિલન પેટે દાન આપનાર મુખ્ય દાતાઓનું તેમના કુટુંબીજનો સહીત અને બીજા સર્વ દાતાઓને ખેસ પહેરાવી, પુષ્પ વર્ષા કરી સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું.

૨૦૨૫ના સ્નેહમિલન કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિની બહેનોની નાની બચત યોજના અન્વયે એક ડબ્બો ગલ્લા પેટે આપવામાં આવ્યો હતો અને વર્ષ દરમ્યાન આ ગલ્લામાં તમારી શક્તિ પ્રમાણે નાની મોટી બચત જમા કરવા વિનંતી કરવામાં આવી હતી. આ સ્નેહમિલનમાં આ ગલ્લાઓ પાછા મંગાવી દાન એકત્ર કરવામાં આવ્યું. આ ગલ્લા પાછા આપનાર સર્વ બહેનો અને બાળકોએ મંચ પર બોલાવી ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું.

શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડકશ્રી) એ તેમના પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણ, સંપ, સંગઠન, સહકાર અને સાહસ પર ભાર મુક્યો હતો. તેમના પ્રાસંગિક પ્રવચનમાં તેમણે સુરત સમાજની એકતા અને સંઘ ભાવનાના વખાણ કર્યા હતા. સર્વે દાતાઓનો પણ તેમણે ખરા દિલથી આભાર માન્યો હતો. વરાછારોડ સ્થિત સાળંગપુર હનુમાનજી મંદિરના મહંત શ્રી બાલકદાસ બાપુએ સ્નેહમિલનમાં ખાસ ઉપસ્થિત રહી સમગ્ર સમાજને આશીર્વચન આપ્યા હતા, તેમજ સમાજના

તેજસ્વી તારલાઓને પોતાના તરફથી પ્રોત્સાહન ઈનામો પણ આપ્યા હતા.

સુરત જ્ઞાતિ મંડળના પ્રમુખશ્રી રામજીભાઈ ચૌહાણે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જ્ઞાતિના સર્વ કાર્યકરો, દાતાઓ, ગલ્લામાં બચત કરી દાન આપનાર બહેનોનો ખુબ ખુબ આભાર માન્યો હતો. સુરત જ્ઞાતિ મંડળનું આગામી સ્વપ્ન સુરતમાં કન્યા છાત્રાલય નિર્માણ કરવાનું છે. શિક્ષણ ઉપરાંત હવે સમુહ લગ્ન, જીવનસાથી પસંદગી મેળો, કારકીર્દિ માર્ગદર્શન, રોજગાર તાલીમ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. જરૂર છે તો બસ સૌના સાથ સહકારની અને સહિયારા પ્રયાસની.

કાર્યક્રમને સમયસર આટોપી લેવાના હેતુસર પ્રથમ બાળકો, બહેનો અને મહેમાનોને સમૂહભોજનનો રસાસ્વાદ, લેવા રવાના કરવામાં આવ્યા. ત્યાર બાદ સૌ જ્ઞાતિ ભાઈઓએ પણ શિસ્ત બદ્ધ રીતે સમુહભોજનનો આસ્વાદ માણ્યો.

સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ શ્રી જયેશ પરમાર, શ્રી અશોક ડાભી, અને શ્રી વિશાલ હડીયલ તેમજ સ્ટેજ સંચાલન શ્રી અશોક જાદવ, શ્રી શંભુ પરમાર, શ્રી ધવલ ચૌહાણ, શ્રી ભરત રાઠોડ અને શ્રી વિજય મકવાણા દ્વારા સંભાળવામાં આવ્યું હતું. સ્ટેજ વ્યવસ્થા શ્રી બલદેવભાઈ મકવાણા, શ્રી દલસુખભાઈ કણઝરીયા, શ્રી દેવેન્દ્ર હિરાણી, અને શ્રી ગીરીશભાઈ પરમાર દ્વારા સંભાળવામાં આવી હતી. નોટબુક વિતરણ વ્યવસ્થા શ્રી જગદીશ જાદવની ટીમ દ્વારા સંભાળવામાં આવી હતી. બચત ડબ્બા અંગેની જવાબદારી શ્રી મનુભાઈ રાઠોડ અને શ્રી દિનેશભાઈ હડીયલની ટીમે સંભાળી હતી. આ ઉપરાંત અનેક સ્વયં સેવકભાઈ, બહેનો, બાળકો તથા કાર્યકર મિત્રો, હોદ્દેદારો, જ્ઞાતિ આગેવાનો અને નામી અનામી જે તે જ્ઞાતિ બંધુઓને સોંપવામાં આવેલ કામ અને ફરજ સુપેરે નિભાવીને સ્નેહ મિલનના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શ્રી સતવારા જ્ઞાતિ મંડળની કારોબારી સમિતિએ સેવા આપનાર દરેક સૌ સ્વયં સેવકો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**સંકલન :**

**શ્રી રમેશચંદ્ર એમ. મકવાણા અને શ્રી જયેશ પરમાર**

# સતવારા સમાજનું ગૌરવ



## ઋતુ નિલેશભાઈ નકુમ

સરનામું : ખરાવાડ, ભાણવડ
જિલ્લો : દેવભૂમિ દ્વારકા
જન્મ તારીખ : ૦૩-૦૬-૨૦૦૧
ઉંચાઈ : ૫'૫
લાયકાત : ફાર્માસિસ્ટ (B. Pharm)
પગાર : ૨૬,૦૦૦
નોકરી : અર્બન હેલ્થ સેન્ટર, ભાણવડ (RBSK ફાર્માસિસ્ટ)
પિતાનું નામ : નિલેશભાઈ ચનાભાઈ નકુમ
ધંધો : કોલ્ડીંક્સની દુકાન
માતાનું નામ : શોભના બેન નિલેશભાઈ નકુમ
વ્યવસાય : ગૃહિણી
બહેનનું નામ : શ્રેયા
અભ્યાસ : લેબ ટેકનીશીયન (Civil Rajkot) રાજકોટ
ભાઈનું નામ : દર્શન નિલેશભાઈ નકુમ
અભ્યાસ : BAMS (રાજકોટ)
કોન્ટેક નંબર : ૯૦૬૬૯૦૬૬૩૯, ૯૫૮૬૫૪૪૫૫૯
નોંધ : ઉચ્ચ અભ્યાસ અને સંસ્કારી પાત્ર


શ્રી સતવારા જ્ઞાતી મંડળ,સુરત






"ગૌરવ મિલન"


શ્રી સતવારા જ્ઞાતિ મંડળ, સુરત
"ગૌરવ મિલન"


શ્રી સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ- સંચાલિત
શ્રી સતવારા સમાજ ભવન-સુરત


શ્રી સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ- સંચાલિત
શ્રી સતવારા સમાજ ભવન-સુરત


























૩૨ મો સ્નેહમિલન સમારોહ-૨૦૨૬




શ્રી સતવારા જ્ઞાતિ મંડળ, સુરત















# શ્રી હરગોવિંદ દાદાની ભવ્ય તિથિ ઉજવણી

ઝાંપોદર ધામ ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ, રવિવારના પવિત્ર દિવસે, ઝાંપોદર સ્થિત હરગોવિંદ ધામે શ્રી સમસ્ત સતવારા ડાભી પરિવાર દ્વારા હરગોવિંદ દાદાની ભવ્ય તિથિ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તિભાવ, સમાજની એકતા અને શ્રદ્ધાનો અનોખો મહોત્સવ જોવા મળ્યો. શ્રદ્ધાળુઓનો ઉમળકો વહેલી સવારથી જ ગુજરાતભરના વિવિધ વિસ્તારોમાંથી સતવારા ડાભી પરિવારના ભાઈઓ, બહેનો, વડીલો, યુવાનો અને બાળકો સહિતનો માનવ મહેરામણ ધામે ઉમટી પડ્યો હતો. સમગ્ર પરિસર ''જય હરગોવિંદ દાદા''ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. ડાક ડમરૂ કાર્યક્રમ રાવળદેવ દ્વારા રજૂ કરાયેલ ડાક ડમરૂનો ભવ્ય કાર્યક્રમ શ્રદ્ધાળુઓને ભક્તિભાવમાં તરબોળ કરી ગયો. સંગીત અને શ્રદ્ધાના આ સંગમથી સમગ્ર વાતાવરણ પવિત્ર બની ગયું. પાઘડી પહેરામણી અને ધજા આરોહણ પરંપરા મુજબ આ વર્ષે પણ હરગોંવિદ દાદાને પાઘડી પહેરાવવામાં આવી અને ધજા ચડાવવામાં આવી. - પાઘડીના યજમાન : શ્રી લક્ષ્મણભાઈ રૂપાભાઈ ડાભી (મેમકા, હાલ સુરેન્દ્રનગર) - ધજાના યજમાન : શ્રી રાહુલભાઈ કનૈયાલાલ ડાભી (સુરત) બંને દાતા પરિવારોને સમાજ તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. વિશેષ મહેમાનોની ઉપસ્થિતિ આ પ્રસંગે ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા સાહેબ ઉપસ્થિત રહ્યા. તેમણે ભવ્ય આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા અને હરગોવિંદ ધામના વિકાસ માટે ધારાસભ્ય તરીકે સહયોગ આપવાની ખાતરી આપી.

દાનની સરવાણી આ પવિત્ર કાર્ય માટે દાતાઓએ ઉદાર હાથે દાન આપ્યું. દર મહિને થતી પૂનમ ઉજવણી માટે ૧૨ પૂનમના દાતા સામે ૨૭ થી વધુ દાતાઓએ દાન નોંધાવ્યું. આવતા વર્ષ માટે પણ અન્નદાન પેટે દાતાઓએ દાનની સરવાણી વહેવડાવી હતી. સન્માન સમારોહ શ્રી જગદીશભાઈ મકવાણાના વરદ હસ્તે પાઘડીના યજમાન, ધજાના યજમાન અને આવતા વર્ષના મહાપ્રસાદના યજમાનશ્રીનું સન્માન કરવામાં આવ્યું. મહાપ્રસાદ તિથિ પ્રસંગે હજારો શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો. ભક્તિભાવ સાથે સૌએ પ્રસાદ ગ્રહણ કરીને આ પવિત્ર દિવસને યાદગાર બનાવ્યો. અંતિમ ક્ષણે કાર્યક્રમના અંતે ''જય હરગોવિંદ દાદા''ના ગુંજતા જયઘોષ સાથે તિથિ ઉજવણી પૂર્ણ થઈ. શ્રદ્ધા, એકતા અને ભક્તિભાવથી ભરપૂર આ મહોત્સવ સતવારા ડાભી પરિવારના ઈતિહાસમાં સોનાના અક્ષરે લખાય તેવી ઉજવણી બની અને કાર્યક્રમના અંતે આ પવિત્ર કાર્યમાં તન,મન,ધનથી સહયોગ આપનાર તમામ નામી અનામી સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**સકલન :**

**શ્રી હરેશભાઈ ડાભી- ભૃગુપુર**


શ્રી હરગોવિંદ ધામ




શ્રી હરગોવિંદ દાદા
શ્રી હરગોવિંદ દાદા
શ્રી હરગોવિંદ દાદા
Shree Hargovind Dham Live ઉપર લાઈવ નિહાળો
મુ.ઝાંપોદર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.








॥ જય સિધ્ધનાથ ॥





॥ જય દ્વારકાધીશ ॥

# સ્વ. જેઠાભાઈ માંડણભાઈ કણઝારીયાની
# વંદના હોટલ, દ્વારકા





:: સુવિધા ::

- ડાઈનીંગ હોલ
- એ.સી. અને નોન એ.સી. રૂમ
- ઠંડા ગરમ પાણીની સુવિધા
- ટી.વી. વીથ કેબલ
- કાર પાર્કિંગ
- વાઈ-ફાઈ ઈન્ટરનેટ સુવિધા

**પ્રો. ચંદ્રકાંતભાઈ જેઠાભાઈ કણઝારીયા**
**ક્રિષ્નકુમાર ચંદ્રકાંતભાઈ કણઝારીયા**

**સ્ટેટ હાઈવે, સ્ટેશન રોડ, દ્વારકા. મો. ૭૯૦૦૪ ૨૭૪૪૦**

Website : www.hotelvandana.com

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને વીસ વર્ષિયની રૂા. ૨૦૦૦/- સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code અને BARB0 DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના UPIના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઈએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપરવોટ્સએપ દ્વારા જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.શ્રી ગીરીશભાઈ એસ.લકુમ મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, શ્રી રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

વ્હાલા જ્ઞાતિજનો,

આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬

શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

**ખાસ નોંધ : જમા કરાવનાર દાતાનું નામ, ગામ, તાલુકો, જિલ્લો મો. નં. કાર્યાલય પર જમા કરાવતાની સાથે જ કાર્યાલયને આની જાણ અવશ્ય કરવી.**

| જય સિધ્ધનાથ મહાદેવ |

# સતવારા સગપણ

**સતવારા જાતિના તમારા પરફેક્ટ મેચ શોધો**

તમારા દીકરા કે દીકરી માટે શ્રેષ્ઠ જીવનસાથી શોધવાનો વિશ્વાસપૂર્વકનો રસ્તો અહીંથી શરૂ થાય છે...

- સરકારી કે ખાનગી નોકરીમાં કાર્યરત
- વિધવા/વિધુર, છૂટાછેડા થયેલા અથવા કુંવારા
- અમેરિકા કે કેનેડા જેવા દેશોમાં સ્થાયી
- મોટા શહેરોમાં કે નાનકડા ગામડાઓમાં વસવાટ કરતા
- પોતાનો બિઝનેસ કે ખેતી સાથે સંકળાયેલા
- ડૉક્ટર કે એન્જિનિયર જેવી કારકિર્દીમાં સ્થાપિત

આ એપ્લિકેશન ફક્ત સતવારા જ્ઞાતિના માટે જ છે

## સપનાનો સાથી ને હવે શોધવું નહિં પડે ... સતવારા સગપણ પર મળશે

# તમારો સપનાનો સાથી!




- સતવારા સગપણ દ્વારા સ્માર્ટ સજેશન મળશે
- ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ
- મનગમતી બાયોડેટા શોર્ટલિસ્ટ કરી શકશો
- પસંદગી અનુસાર ફિલ્ટર કરી શકશો
- દરરોજ નવી બાયોડેટા જોઈ શકશો
- પોતાની બાયોડેટા PDF માં ડાઉનલોડ કરી શકશો
- તમારી બાયોડેટા સતવારા સગપણ દ્વારા સિક્યોર રહેશે
- બધીજ બાયોડેટા સતવારા સગપણ દ્વારા વેરિફાઈડ થાયેલી હશે

નવું ફીચર

## ફેમિલી એક્સેસ

હવે તમારા પરિવાર પણ તમારા એકાઉન્ટ સાથે જોડાઈ શકશે અને તમારી જીવનસાથી શોધવાની સફરમાં રહેશે તમારો સાથે.



**એકાઉન્ટ હોલ્ડર માટે** | **પરિવારના સભ્ય માટે**




તમારા માટે પરફેક્ટ જીવનસાથી શોધવા માટે આજે જ એપ્લિકેશન

# અપડેટ અથવા ડાઉનલોડ કરો

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે

વધુ માહિતી માટે સંપર્ક કરો :
+91 7016080177
www.satvarasagpan.com

GET IT ON Google Play
Download on the App Store

## શુભેચ્છા સહ

### વંદેમાતરમ્



શંકરભાઈ આર.દલવાડી - પૂર્વ પ્રમુખશ્રી સતવારા મહામંડળ

**પૂર્વ ચેરમેન ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ - ગાંધીનગર**

**(પૂર્વ) પ્રમુખશ્રી**

**લીંબડી નગરપાલિકા મો. ૯૮૨૪૫૦૩૯૨૨**

**સતવારા જ્ઞાતિની ભોજનશાળા પાસે, વચલા પરા લીંબડી, જી. સુરેન્દ્રનગર**

**શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
**પ્રમુખશ્રી નંદકિશોરભાઈ એસ.કણઝરીયા લીંબડી**
**મો. : ૯૮૨૪૨૫૬૪૯૧, ૮૨૦૦૪૧૫૭૬૦**

**શ્રી સમસ્ત સતવારા એન્જીનીયર એશોસીએશન**
**પ્રમુખ શ્રી એલ. ડી. હડિયલ, મોરબી**
**મો. ૯૮૨૫૬૪૯૮૫૧,**

**શ્રી સતવારા મેડિકલ પેરા મેડીકલ એશોસીએશન**
**પ્રમુખશ્રી ડો. લાલજીભાઈ કે. મકવાણા**
**મો. ૯૮૭૯૫૭૫૨૦૪- બોટાદ**

**શ્રી સમસ્ત સતવારા કર્મચારી મંડળ**
**પ્રમુખ શ્રી શૈલેષભાઈઝેડ.જાદવ-બોટાદ.મો.: ૯૧૭૩૪ ૪૬૪૨૫**

**શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**
**પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ, જામનગર**
**જામનગર મો. ૯૮૨૫૦૯૫૫૧૬**

**શ્રી સમસ્ત સતવારા ઉદ્યોગપતિ એશોસીએશન**
**પ્રમુખશ્રી અશોકભાઈ સી.કંઝારિયા,ચોટીલા**
**મો.૯૯૨૫૦૪૮૭૦૦**

**શ્રી સમસ્ત સતવારા વિદ્યાર્થી એશોસીએશન**
**પ્રમુખ-શ્રી ઉદયભાઈ વી. ચાવડા મો. ૯૮૯૮૬૮૩૦૧૫**

**શ્રી સમસ્ત સતવારા સી.એ.એશોસીએશન**
**પ્રમુખશ્રી શૈલેષભાઈ બી. જાદવ, સુરેન્દ્રનગર મો.૯૪૨૬૪૩૭૬૮૬**

**શ્રી સમસ્ત સતવારા એડવોકેટ એશોસીએશન**
**પ્રમુખશ્રી કરશનભાઈ એસ. પરમાર, જામનગર**
**મો. ૯૮૨૫૯૪૪૧૩૧**


# શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની નમ્ર અપીલ

શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેમણે અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન હપ્તે પરત જમા કરાવવાની હોય છે. વિદ્યાર્થીઓ તેમજ નવા બનેલ ટ્રસ્ટીઓને બાકી રહેતી રકમ અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર અથવા ચેક દ્વારા જમા કરાવવી ત્યાર બાદ નીચેના નંબર પર જમા કરાવ્યા અંગેની જાણકારી રકમ, નામ,વિગતનું વેરીફિકેશન કરાવી લેવું.

શિક્ષણ માટે દાન ભેટ આપવા માંગતા હોય તેઓ પણ ઓનલાઈન /ચેક દ્વારા જમા કરાવી શકશે.

## બેંકની વિગત

નામ — શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ

બેંકનું નામ — બેંક ઓફ બરોડા સેન્ટર પોઈન્ટ શાખા, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે, સરદાર પાર્ક, અંકલેશ્વર, જી.આઈ.ડી.સી.- અંકલેશ્વર-૩૯૩૦૦૨ જી. ભરૂચ

બેંક ખાતાનો પ્રકાર : બચત ખાતુ

**IFSC CODE : BARBoCENPOI**

(પાંચમો અંક જીરો છે)

ખાતા નંબર : **૯૧૨૯૦૧૦૦૦૦૪૪૬૧**

**[91290100004461]**

બેંક ખાતાનો મોબાઈલ નંબર : ૮૨૦૦૮૭૩૨૯૯

**91+(8200873299)**

ઈમેલ : **samastsatvaraeducationtrust@gmail.com**

**ઓફીસ એડ્રેસ : શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**

**મહામંત્રીશ્રી પ્રા.ડો. કે.એસ.ચાવડા**

બી-૧૧ આદિત્યનગર, વાલિયા રોડ, રાગીણી સિનેમા નજીક સ્વ. મોતીબેન તુલશીભાઈ નકુમ સતવારા વિદ્યાર્થીભવનની બાજુમાં, મુ. ભડકોદરા, તા. અંકલેશ્વર-૩૯૩૦૦૧

જી. ભરૂચ મો.નં. ૮૨૦૦૮ ૭૩૨૯૯

પ્રમુખશ્રી : નંદકિશોરભાઈ એસ. કણઝરીયા

લીંબડી - મો. ૯૮૨૪૨૫૬૪૯૧

# સતવારા મેડિકલ એન્ડ પેરામેડિકલ એસોસીએશનનો સ્નેહમિલન કાર્યક્રમ 'મિલાપ-૨૦૨૬' યોજાયો

સતવારા મેડિકલ એન્ડ પેરામેડિકલ એસોસીએશન દ્વારા સતવારા સમાજના ડૉકટર્સ-પેરામેડિકલ ક્ષેત્રનું લોકોનુ ચૌદમું સ્નેહમિલન 'મિલાપ-૨૦૨૬' ગત તા. ૦૫-૦૪-૨૦૨૬ના રોજ રવિવાર રાજકોટ ખાતે ટાગોર રોડ, હેમુ ગઢવી ઓડિટોરિયમ હોલમાં યોજાયેલ હતું. આ કાર્યક્રમમાં ડેપ્યુટી કમિશનર ઈન્કમટેક્ષ વિભાગ શ્રી જયદીપભાઈ લકુમ, શ્રી રાજેશભાઈ મકવાણા, શ્રી શંકરલાલ દલવાડી, શ્રી માવજીભાઈ લકુમ, શ્રી વલ્લભભાઈ ધારવીયા, શ્રી નંદકિશોરભાઈ કણઝારિયા, શ્રી ડૉ. કે.એસ.ચાવડા, શ્રી એલ.ડી. હડીયલ, શ્રી પ્રભુભાઈ નકુમ, શ્રી માવજીભાઈ નકુમ, શ્રી મનસુખભાઈ ખાણધર, શ્રી શાંતિભાઈ પરમાર, શ્રી હંસરાજભાઈ કટેશીયા, શ્રી મોહનભાઈ સોનગરા, શ્રી ડૉ, ગોરધનભાઈ નકુમ, શ્રી વિજયભાઈ ખાંદલા, શ્રી રમેશભાઈ કંઝારીયા, શ્રી શંકરભાઈ કંઝારીયા, શ્રી ડૉ. લખમણભાઈ કંઝારીયા, શ્રી હરીભાઈ કંજારીયા, શ્રી રાઘવજીભાઈ કંઝારીયા, શ્રી ગીરધરભાઈ યાદવ, શ્રી કરમશીભાઈ ચાવડા, શ્રી અમૃતભાઈ નકુમ, શ્રી પરસોત્તમભાઈ કણઝારીયા, શ્રી ડી.કે. પરમાર, શ્રી હરીભાઈ નકુમ, શ્રી ભુદરભાઈ જાદવ, શ્રી ઘનશ્યામભાઈ પરમાર, શ્રી અમૃતભાઈ પરમાર, શ્રી નિકુંજભાઈ મકવાણા તથા સમાજના આગેવાનશ્રીઓ અને ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મેડીકલ અને પેરામેડિકલ મિત્રોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી.

જયારે આ કાર્યક્રમમાં સરકારશ્રીના કામની જવાબદારી આવી જતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ, પ્રદેશ ભાજપા મંત્રી ગુજરાત શ્રીમતી આશાબેન નકુમ, એડીશનલ સેક્રેટરી હેલ્થ અને ફેમીલી વેલફેર ગાંધીનગર શ્રી એચ.કે. વઢવાણીયા, ડેપ્યુટી કમિશનર ટ્રાફિક પૂર્વ અમદાવાદ શ્રી નરેશભાઈ કંઝારીયા તથા મેડીકલ-પેરામેડીકલ સાથે સંકળાયેલ અને આર્મી તેમજ નેવીમાં ફરજ બજાવતા તમામ લોકો વિડીયો સંદેશ અને ટેલિફોનિક શુભેચ્છા સંદેશના માધ્યમથી જોડાયા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે ઓર્ગેનાઈઝર કારોબારી સમિતી શ્રી એલ.કે. મકવાણા, શ્રી નિતીનભાઈ ખાંદળા, ડૉ. અનંતભાઈ પરમાર, ડૉ. પલકભાઈ કણઝારીયા, શ્રી કૈલાશભાઈ કંઝારીયા, શ્રી ભાવેશભાઈ પરમાર, ડૉ. જીતેન્દ્રભાઈ કણઝારીયા, ડૉ. પ્રત્યુશભાઈ પરમાર, શ્રી ઉદયભાઈ ચાવડા, શ્રી આશીષભાઈ મકવાણા, ડૉ. જગદીશભાઈ ચૌહાણ, શ્રી વિજયભાઈ પરમાર, ડૉ.પીયુષભાઈ ખાણધર, ડૉ. રાકેશભાઈ સથવારા, ડૉ. નયનભાઈ નકુમ, ડૉ. પરેશભાઈ પરમાર, શ્રી હરેશભાઈ રાઠોડ, ડૉ. ચિંતનભાઈ દલવાડી અને ડૉ, રવિભાઈ નકુમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆતમાં જ સમાજ માટે કોરોનામાં જીવ ગુમાવેલ લોકો માટે બે મીનીટનું મૌન રાખીને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી. ત્યારબાદ વિધિવત શરૂઆત ડૉ. પ્રત્યુશભાઈ પરમાર અને શ્રીમતી ધારાબેન પરમાર દ્વારા થયેલ. સાથે જ શરૂઆત પ્રાર્થના અને મહાનુભાવોના વરદ હસ્તેથી દીપ-પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. મિલાપના આયોજન સમિતી દ્વારા શ્રી જયદીપભાઈ લકુમનું પુષ્પ ગુચ્છ આપીને તથા પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા શ્રી ડૉ. એલ.કે. મકવાણાએ સ્વાગત સંબોધન કરીને ઉપસ્થિત તમામને આવકાર્યા હતા.

ત્યારબાદ મિલાપ-૨૦૨૬માં આવેલ સમાજના આગેવાનશ્રીઓનું સ્વાગત કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમણે આર્થિક યોગદાન આપેલ તેવા જાહેરાતના તમામ દાતાશ્રીઓનું મોમેન્ટ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. શ્રી જયદીપભાઈ લકુમે આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ હતું. તેમણે મિલાપ-૨૦૨૬ કાર્યક્રમની ભવ્ય આયોજન માટે તમામ આયોજકોને શુભેચ્છા પાઠવેલ હતુ. અને તેમણે સમાજનો સર્વાંગી વિકાસ થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા મેડીકલ-પેરામેડીકલ ક્ષેત્રે કાર્યરત લોકોને સમાજની તેમજ ગરીબો-પીડિતોની સેવા કરતા રહેવા પ્રેરણા આપી હતી.

મિલાપ-કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના તમામ મેડીકલ-પેરામેડીકલ- મિત્રો વચ્ચે પરિચય કેળવાય તેમજ પ્રોફેશનલ નેટવર્કિંગ દ્વારા એકબીજાને મદદરૂપ થઈ શકાય તે માટે છે આ હેતુસર આયોજન દ્વારા પરિચય સત્રનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ સત્રમાં ગુજરાતભરમાંથી આવેલ ડૉકટરો તથા પેરામેડિકલ ક્ષેત્રના તમામએ પોતાનો પરિચય આપેલ હતો.

મિલાપ કાર્યક્રમનો મુખ્ય હેતુ અનુસાર સમાજનું ઉપયોગી માર્ગદર્શન માટે આ કાર્યક્રમમાં ડૉ. નિકુંજ મકવાણા દ્વારા ''નોન કલીનીકલ એસ્ટાબ્લિશમેન્ટ ફોર હેલ્થકેર પ્રોફેશનલ'' વિષય પર સૌને માહિતગાર કર્યા હતા સાથે જ શ્રી કૈલાશભાઈ કંઝારીયા દ્વારા ''મેડીકલ પ્રેકટીશ અને કાયદો'' વિષય પર સૌને માહિતગાર કરેલ.

બપોર પછી ભાવતા ભોજનના વિરામ બાદ સૌને મજા પડે તેવા રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. પ્રત્યુશભાઈ પરમાર અને શ્રીમતી ધારાબેન પરમાર દ્વારા સરસ મજાનું આયોજન કરેલ. કાર્યક્રમના અંતે શ્રી ડૉ, ચિંતન દલવાડી દ્વારા મિલાપ-૨૦૨૬ કાર્યક્રમ આયોજક સમિતી વતી અતિથીશ્રીઓ, સમાજના આગેવાનશ્રીઓ, જાહેરાતના દાતાશ્રીઓ કો-ઓડીનેટરશ્રીઓ સ્વયંસેવકો અને ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી પરેશભાઈ મઘોડીયા, વેબડેવલોપર સ્ટેલર કોડ સિસ્ટમના કાઉન્ટર શ્રી ભાર્ગવ જાંબુકીયા, અને શ્રી પરેશભાઈ ડાભી એપ્લિકેશન બનાવનાર ચામુંડા સ્ટુડિયો, દોસ્તી સ્ટુડીયો અને લાઈન L.E.D. અને સિદ્ધિવિનાયકનું ક્રીએશનના સાભાર વ્યકત કરેલ.

મિલાપ-૨૦૨૬ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સમાજમાં મેડિકલ-પેરામેડિકલ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વ્યાપ વધે એ માટે ઉપસ્થિત તમામ દ્વારા ચર્ચા વિચારણા કરવામા આવી હતી. આવી પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક ભવિષ્યમા પણ આયોજન થઈ શકે તે હેતુસર ''કારોબારી સમિતી''ની મીટીંગ પણ કાર્યક્રમના સાથે કરવામાં આવી હતી.

**સંકલન : શ્રી ભાવેશભાઈ પરમાર**












SATVARA MEDICAL &
PARAMEDICAL ASSOCIATION
M




SATVARA MEDICAL &
PARAMEDICAL ASSOCIATION
M


































# રૂપાવટી સતવારા સમાજ આયોજીત છઠ્ઠો વિદ્યાર્થી સન્માન સમારોહ, રૂપાવટી

**સ્થળ : મહાકાળીમાંના મઢ, રૂપાવટી તારીખ અને સમય : ૨૩-૦૫-૨૦૨, શનિવાર (રાત્રે - ૮-૦૦ કલાકે)**

શ્રી સમસ્ત સતવારા સમાજ રૂપાવટી દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા, તેમની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવા તેમજ તેઓ શિક્ષણ ક્ષેત્રે વધુ પ્રગતિ કરી ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરે તેવા શુભ આશયથી આ ''છઠ્ઠા વિદ્યાર્થી સન્માન સમારોહ''નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન અને આમંત્રિતો કાર્યક્રમમાં સમાજના શ્રેષ્ઠીઓ અને રાજકીય આગેવાનોએ પ્રેરક ઉપસ્થિતિ આપી હતી : મુખ્ય મહેમાન : માન. શ્રી જગદીશભાઈ મકવાણા (નાયબ મુખ્ય દંડક શ્રી - ગુજરાત સરકાર તથા ધારાસભ્યશ્રી, ૬૨ વઢવાણ વિધાનસભા) આમંત્રિત મહેમાનો : શ્રી શંકરભાઈ કણઝરીયા (સંચાલક, શ્રી સતવારા કેરિયર એકેડેમી જોરાવરનગર) શ્રી લાભુભાઈ ડાભી (બાપા સીતારામ ફ્રી ટિફીન સેવા) શ્રી હરેશભાઈ ડાભી (સામાજીક કાર્યકર, ભૃગુપુર) શ્રી જયેશભાઈ પરમાર (સામાજિક કાર્યકર, સુરેન્દ્રનગર) શ્રી દિલીપભાઈ લકુમ (સામાજીક કાર્યકર, કોઠારીયા) રૂપાવટી ગામના સરપંચ શ્રી યુવરાજસિંહ તથા ઉપસરપંચ શ્રી જયેશભાઈ કણઝરીયા પ્રેરણાદાયી માર્ગદર્શન : મુખ્ય મહેમાન શ્રી જગદીશભાઈ મકવાણાએ હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓને સતત મહેનત કરવા અને જીવનમાં શિક્ષણનું શું મહત્વ છે તે સમજાવી સુંદર માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

ઈનામ વિતરણ : તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી, સર્ટિફિકેટ અને ઉપયોગી ભેટ (જેમ કે ટ્રાવેલ બેગ્સ) આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રૂપાવટી ગામ તથા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સતવારા સમાજના આગેવાનો, વાલીઓ અને યુવાનો હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આયોજન સમિતિ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જીતેન્દ્ર કણઝરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં રૂપાવટી ઈનામ વિતરણ કમિટીના સભ્યો સર્વ શ્રી જીતેન્દ્રભાઈ કણઝરીયા, શ્રી જયેશભાઈ કણઝરીયા, શ્રી મુન્નાભાઈ કણઝરીયા, શ્રી મનીષભાઈ કણઝરીયા. શ્રી કૌશિકભાઈ કણઝરીયા અને શ્રી રવિભાઈ કણઝરીયા તથા ઈનામ વિતરણ કમિટી દાતાઓ ગામના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આભાર વિવિધ કાર્યક્રમના અંતમાં સમાજના અગ્રણીઓ દ્વારા પધારેલા તમામ મહેમાનો, વાલીઓ અને દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ સન્માનિત થયેલા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## રૂપાવટી માર્કશીટ

**બાલવાટીકા :**

(૧) કણઝરીયા હેત્વીક સંજયભાઈ
(૨) કણઝરીયા પ્રિન્સ હિતેષભાઈ
(૩) કણઝરીયા ક્રિષ પ્રકાશભાઈ

**ધોરણ - ૧**

(૧) કણઝરીયા બંશીક ઘનશ્યામભાઈ
(૨) કણઝરીયા પૂર્વા અશોકભાઈ
(૩) કણઝરીયા પ્રિયંકા હિતેશભાઈ

**ધોરણ - ૨**

(૧) કણઝરીયા પ્રતીક હિતેષભાઈ
(૨) કણઝરીયા દ્વિષા દિપકભાઈ
(૩) કણઝરીયા ક્રિશ હિતેશભાઈ

**ધોરણ - ૪**

(૧) કણઝરીયા શ્રુતિ શૈલેષભાઈ ૯૩.૮૨
(૨) કણઝરીયા મયંક મુન્નાભાઈ ૯૦.૬૪
(૩) કણઝરીયા ક્રિશા અશ્વિનભાઈ ૮૫.૫૫

**ધોરણ - ૫**

(૧) કણઝરીયા ખોડા હેમંતભાઈ ૯૩.૦૮
(૨) કણઝરીયા સંજના અશોકભાઈ ૮૭.૮૩
(૩) કણઝરીયા હિરલ દલસુખભાઈ ૮૨.૮૩

**ધોરણ - ૬**

(૧) કણઝરીયા વૈભવ વિપુલભાઈ ૯૦.૨૯ %
(૨) કણઝરીયા જાનકી મુન્નાભાઈ ૮૩.૭૮ %
(૩) કણઝરીયા ભાર્ગવ રાજેશભાઈ ૭૫.૩૯ %

**ધોરણ - ૭**

(૧) કણઝરીયા જયદીપ દલસુખભાઈ ૯૨.૩૬ %
(૨) કણઝરીયા ગાયત્રી હેમંતભાઈ ૮૪.૬૧ %
(૩) કણઝરીયા રક્ષિત હિતેષભાઈ ૭૮.૨૨ %

**ધોરણ - ૮**

(૧) કણઝરીયા મહાવીર જયેશભાઈ ૮૭.૬૦ %
(૨) કણઝરીયા જીનલ પ્રવિણભાઈ ૮૫.૩૯ %
(૩) કણઝરીયા ઈતિક્ષા વિપુલભાઈ ૭૯.૮૬ %

**ધોરણ - ૯**

(૧) કણઝરીયા હેમાની ઘનશ્યામભાઈ ૯૮.૦૦%
(૨) કણઝરીયા રાધિકા જયેશભાઈ ૯૦.૭૧%
(૩) કણઝરીયા વિશ્વાસ શૈલેષભાઈ ૮૫.૮૬ %

**ધોરણ - ૧૦**

(૧) કણઝરીયા શ્રુતિ નરોત્તમભાઈ ૮૭.૫૦%
(૨) કણઝરીયા અમીત બેચરભાઈ

**ધોરણ - ૧૧**

(૧) કણઝરીયા ભૂમિ હેમંતભાઈ ૭૮.૨૯%

**ડિપ્લોમાં**

(૧) કણઝરીયા રીતુલ બેચરભાઈ

**ધોરણ - ૧૨ કોમર્સ**

(૧) કણઝરીયા શાહિલ મુકેશભાઈ ૮૮.૪૨%
(૨) કણઝરીયા ઉત્તમ વિરમભાઈ ૫૩.૫૭%

**ધોરણ - ૧૨ આર્ટસ**

(૧) કણઝરીયા નીરાલી હેમંતભાઈ ૭૬.૨૯ %
(૨) કણઝરીયા દિવ્યા વિનોદભાઈ ૭૨.૨૮ %

**સંકલન : શ્રી શંકરભાઈ કણઝરીયા**

## વસ્તડી સતવારા સમાજનું ગૌરવ



### વ્યોમ અરવિંદભાઈ

હું રામજીભાઈ ગણેશભાઈ સોનગરા, મુળ વતન વસ્તડી, હાલ વલ્લભવિદ્યાનગર મુકામે રહું છું. મારા પૌત્ર ચિ. વ્યોમ અરવિંદભાઈ સોનગરાએ, હાલ માર્ચ-૨૦૨૬માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૫.૪૨ પી.આર. સાથે એ ગ્રેડ મેળવી અમારા સોનગરા કુટુંબ અને વસ્તડી સતવારા સમાજનું ગૌરવ વધાર્યું છે.

હું આ પ્રસંગે સતવારા દર્પણને રૂ.૫૦૦/- ખુશી ભેટ મોકલી રહ્યો છું.

**સંકલન : શ્રી રમેશભાઈ એમ. મકવાણા-સુરત**






શ્રી સમસ્ત
સમાજ રૂપાવટી દ્રારા
આયોજીત
સન્માન સમારોહમાં




















# શ્રી નૂતન રામજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

જય સિયારામ સાથે જણાવવાનું કે આપણા ગામ વાસણાના આંગણે નવનિર્મિત નૂતન રામજી મંદિરમાં શ્રી રામચંદ્ર પરિવાર, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મી નારાયણ તેમજ હનુમાનદાદા તથા ગણપતિદાદા તેમજ ચારેય દિશાના દેવોના

**ભવ્યમૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ :**

સંવત -૨૦૦૮, વૈશાખ સુદ- ૧૧, બુધવાર, તા. ૨૯-૪-૨૬ થી વૈશાખ સુદ પૂનમને શુક્રવાર, તા. ૧-૫-૨૬ આમ ત્રિ દિવસીય મહોત્સવનું ભગવાન શ્રી રામચંદ્રજીની અસીમ કૃપા પ્રેરણા અને આશીર્વાદ તથા સર્વે ધર્મપ્રેમીઓના સાથ સહકારથી યોજવામાં આવેલ છે, તે આ અમૂલ્ય પ્રસંગના દર્શન કરવા, ભગવાનના આશીર્વાદ મેળવવા તથા આપણા ગૌરવશાળી ગામ વાસણાના આ અનુપમ ધાર્મિક મહોત્સવને માણવા સર્વે ધર્મપ્રેમીજનતાને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**નિમંત્રક**

**નૂતન રામજી મંદિર સેવા સમિતિ**

**મુ. વાસણા, તા. ધંધુકા, જિ. અમદાવાદ**

સ્વ. હરિરામજી કાશીરામજી દાણીધરીયા

સ્વ. ભક્તિરામ કાશીરામજી દાણીધરીયા

શ્રી સુરેશબાપુ રવિરામ બાપુ દાણીધરીયા

શ્રી આશિષબાપુ અશોકબાપુ દાણીધરીયા

શ્રી જયદેવબાપુ રોહિતબાપુ દાણીધારીયા

શ્રી લાલાબાપુ અશ્વિનબાપુ દાણીધારીયા

**પાવન પ્રસંગો**

**પ્રથમ દિવસઃ**

વૈશાખ સુદી -૧૩, બુધવાર, તા. ૨૯-૪-૨૬
દેહશુદ્ધિ પ્રાયશ્ચિત, હેમાદ્રિ પ્રાયશ્ચિત,
દશવિધિસ્નાન ગણપતિ પૂજન, પુણ્યાહુવાચન
માતૃકાનંદીશ્રાદ્ધ, વર્ધિની પૂજન, મંડપ પ્રવેશ
દેવતા આહ્‌વાન, અગ્નિસ્થાપન, કુટિર હોમ
જલયાત્રા, જલાધિવાસ, સાયંપૂજન આરતી

**દ્વિતીય દિવસઃ**

વૈશાખ સુદી -૧૪, ગુરૂવાર, તા. ૩૦-૪-૨૬
પ્રાતક પૂજન, નગરયાત્રા, પ્રસાદ
વાસ્તુશાંતિ, શાંતિક પૌષ્ટિકહાનુ
મૂર્તિસ્તપન, મહાઅભિષેક ,
૧૦૮ કળશ, શીખસ્થાપન,
ધાન્યાધિવાસ, સાયમપૂજન

**તૃતીય દિવસઃ** પ્રાત : પૂજન, પ્રસાદે દિગ્‌હોમ, પ્રસાદ નયનમ, સ્થાપત્યદેવતાહોમ પ્રસાદે, મૂર્તિ પ્રતિષ્ઠા વૈશાખ સુદ -૧૫ શુક્રવાર તા. ૧-૫-૨૬ મહાઆરતી, શીખર સ્થાપન, સ્થાપિત દેવતા હોમ, આરતી.

**પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : ઉપસ્થિત સંતો**

(૧) પ.પૂ.શ્રી દીપક મહારાજ (છોટે ડોંગરેજી મહારાજ) પ્રસિદ્ધ કથાકાર - સુરેન્દ્રનગર
(૨) પ.પૂ.શ્રી દુર્ગાદાસબાપુ, લાલજી મહારાજની જગ્યા, સાયલા
(૩) પ.પૂ.શ્રી નિર્મળા બા ઉનડ બાપુ, પાળીયાદ (૪) પ.પૂ.શ્રી પતિત પાવનદાસજી, નાગનેશ
(૫) પ.પૂ.શ્રી જગદેવજી મહારાજ, બરવાળા (૬) પ.પૂ.શ્રી લલિત કિશોરદાસજી મહારાજ, મોટા મંદિર, લીંબડી
(૭) પ.પૂ.શ્રી દેવનારાયણદાસજી મહારાજ, રામટેકરી, ધંધુકા
(૮) પ.પૂ.શ્રી દીપક બાપુ, રામદેવજીની જગ્યા, રંગપુર
(૯) પ.પૂ.શ્રી જસવંતનાથ બાપુ, કૂકડાનાથની જગ્યા, ઝમરાળા (૧૦) પ.પૂ.શ્રી શંભુપ્રસાદજી મહારાજ, ઝાંઝરકા
(૧૧) પ.પૂ.શ્રી હરિરામજી બાપુ, વસ્તા બાપુની જગ્યા, વાસણા
(૧૨) પ.પૂ.શ્રી ગોપાલબાપુ લાલજી બાપુ, લાખીયાણી

**વિશિષ્ટ કાર્યક્રમો :**
**ભવ્ય રાસગરબા**

તા.૨૯-૪-૨૬, બુધવાર રાત્રે ૯-૦૦ વાગ્યે
કલાકાર : ગાયત્રીબેન દેસાણી અને ઓરકેષ્ટ્રાગ્રુપ

**મહાપ્રસાદ :** તા. ૧-૫-૨૬, શુક્રવાર, બપોરે ૧૧-૦૦ વાગ્યેભોજન સમારંભ

ખાસ નોંધ : બહાર ગામથી આવેલ તમામ મહેમાનો માટે ત્રણેય દિવસ બપોરે પ્રસાદીની વ્યવસ્થા

● યજ્ઞના આચાર્ય શ્રી ભાવેશભાઈ મહેતા વૈદિક મંત્રો દ્વારા ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરાવશે

● યજ્ઞના ગોરભા શ્રી જીજ્ઞેશભાઈ આચાર્ય, વાસણા

**ભવ્ય સંતવાણી ડાયરો**

તા. ૩૦-૪-૨૬, ગુરૂવાર, રાત્રે ૯-૦૦
કલાકારો (૧) વાસુદેવબાપુ દૂધરેજીયા, ભજન સમ્રાટ
(૨) વર્ષાબેન તલસાણિયા, કોકિલ કંઠી,
(૩) ગાયત્રીબેન દેસાણી, કોકિલ કંઠી,
(૪) કાર્તિક મોરી ગ્રુપ (તબલા)

**વ્યવસ્થા કમિટિ**

(૧) વિજયભાઈ મિસ્ત્રી (૨) ઘનશ્યામભાઈ પટેલ (૩) અરજણભાઈ પરમાર (૪) સુરેશભાઈ ખાંદલા (૫) મહેશભાઈ પરમાર (૬) જગદીશભાઈ જાદવ (૭) રાજેશભાઈ ડુમાણીયા (૮) ધરમશીભાઈ બોટાદરા (૯) કાનજીભાઈ પટેલ (૧૦) રમણિકભાઈ પ્રજાપતિ (૧૨) અશ્વિનભાઈ મસીયાલા (૧૩) મનહર ભાઈ ખાંદલા (૧૪) રમણિકભાઈ પટેલ (૧૫) ભરતભાઈ ખાંદલા (૧૬) લાલાભાઈ ગમારા (૧૭) લાલા બાપુ

**મુખ્ય દાતાઓની યાદી**

● યજ્ઞના મુખ્ય પાટલાના દાતા, શ્રી અરજણભાઈ લાલાભાઈ પરમાર રકમ : રૂ. ૨,૨૨, ૨૨૩/-
● મુખ્ય ધજાના દાતા, શ્રી પ્રવિણભાઈ વશરામભાઈ ચાવડા રૂ. ૨,૮૫,૦૦૧/-
● નૂતન મંદિરના મુખ્યદાતાશ્રીઓ : સ્વ. જીજ્ઞેશભાઈ કાનજીભાઈ પટેલ રૂ. ૫,૫૫,૫૫૫/-
● નૂતન મંદિરના મુખ્યદાતાશ્રી : શ્રી જીવરાજભાઈ ગાંડાભાઈ પેટલ રૂ. ૨,૫૧,૦૦૧/-
● નૂતન મંદિરના મુખ્યદાતાશ્રી : સ્વ. ગોમતીબેનના નાગરભાઈ પટેલ રૂ. ૧,૮૦,૧૧૧/-
● નૂતન મંદિરના મુખ્યદાતાશ્રીઓ :રામા મંડળ વાસણા રૂ. ૧,૬૨,૮૦૧/-

**નૂતન મંદિરના મુખ્ય દાતાઓ :**

૧,૫૧, ૦૦૧/- શ્રી સુરજીતસિંહ ગોહિલ, ખસતા
૧,૨૧, ૦૦૧/- શ્રી ભગવાનભાઈ મનસુખભાઈ પટેલ
૧,૦૧,૧૧૧ /- રામુબેન ભીખાભાઈ સતવારા
(૧) રામચંદ્ર ભગવાનના ગાગર બેડીયાના દાતાશ્રી
૫૬,૦૦૦/- શ્રીધીરૂભાઈ માવજીભાઈ પટેલ
(૨) રાધાકૃષ્ણ ભગવાનના ગાગર બેડીયાના દાતાશ્રી
૫૧,૦૦૧/- શ્રી લાલાભાઈ ગોકળભાઈ ગમારા
(૩) લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિના દાતાશ્રી
૬૫,૦૦૧/- સ્વ. જયાબેન રમણભાઈ કણઝરીયા
(૪) ગણપતિદાદાની મૂર્તિના દાતાશ્રી
૩૨,૫૦૧/- શ્રી રામધૂન મંડળ- વાસણા
(૫) દ્વારપાળની મૂર્તિના દાતાશ્રી
૧૧,૦૦૧/- સ્વ. વશરામભાઈ ડાયાભાઈ ચાવડા
(૬) મોરલાના દાતાશ્રી
અશ્વિનભાઈ કાનજીભાઈ પટેલ
(૭) લક્ષ્મીનારાયણ ભગવાનના ગાગર બેડીયાના દાતાશ્રી
૫૧,૦૦૧/- સ્વ. કલ્યાણભાઈ નરસીભાઈ ચૌહાણ
(૮) નુતન મંદિરમાં ભગવાનની પ્રથમ આરતીના દાતાશ્રી
૫૨,૧૫૧/- શામજીભાઈ પૂનાભાઈ ખાંદળા
(૯) રાધાકૃષ્ણ ભગવાનની મૂર્તિના દાતાશ્રી
૬૫,૦૦૧/- લાભુબેન જીવરાજભાઈ પટેલ
(૧૦) બે દ્વારપાળની મૂર્તિના દાતાશ્રી
૨૨,૦૦૧/- સ્વ. જયાબેન રમણભાઈ કણઝરીયા

(૧૧) દ્વારપાળની મૂર્તિના દાતાશ્રી
૧૧,૦૦૧/- રમેશભાઈ જસમતભાઈ ડુમાણીયા
(૧૨) ઈલેકટ્રીક ઝાલરના દાતા શ્રી
ગં.સ્વ. કુંવરબેન લક્ષ્મણભાઈ પરમાર
૫૫,૫૫૫/- સ્વ. ઈશ્વરભાઈ મોહનભાઈ ભાતીયા
૫૫,૫૫૫/- રામભરોસે
૫૧,૦૦૧/-ભરતભાઈ પાટડીયા,બોટાદ (નયન શો રૂમ)
૫૧,૧૫૧/-ઘનશ્યામભાઈ પોપટભાઈ પટેલ (વસોયા)
૫૧,૦૦૧/-સ્વ.દયારામભાઈ ગોપાળભાઈ પરમાર
૫૧,૦૦૧/-ગોકુળભાઈ ડાયાભાઈ ગમારા
૫૧,૦૦૧/-લાલાભાઈ હિંમતભાઈ પટેલ
૫૧,૦૦૧/-સ્વ.પોપટભાઈ મોહનભાઈ ભાતીયા
૫૧,૦૦૧/-સ્વ.રાધવભાઈ જસમતભાઈ પટેલ
૫૧,૦૦૧/-પોપટભાઈ ખીમાભાઈ ખાંદલા
૩૭,૦૦૧/-અરજણભાઈ ઠાકરશીભાઈ ખાંદળા
૩૧,૦૦૧/-નાનીબેન ભૂદરભાઈ પ્રજાપતિ
૩૧,૦૦૧/-બળદેવભાઈ કરશનભાઈ પટેલ
૨૫,૦૦૧/-શૈલેષભાઈ માવજીભાઈ પટેલ (પી.આઈ.)
૨૫,૦૦૧/-સ્વ. મમતાબેન રમણિકભાઈ પટેલ
૨૫,૦૦૧/-સ્વ.નરસીભાઈ ખીમાભાઈ પટેલ
૨૫,૦૦૧/-ધીરૂભાઈ અરજણભાઈ પટેલ
૨૫,૦૦૧/-ભીખાભાઈ ગોરધનભાઈ પટેલ
૨૨,૦૦૧/-રામ ભરોસે
૨૧,૧૧૧/-સ્વ. અંબાલાલ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ
૨૧,૦૦૧/-સ્વ. કરશનભાઈ ઉજમશીભાઈ પાટડીયા
૧૬,૧૦૧/-કાનજીભાઈ વિઠ્ઠલભાઈ બોટાદરા

**ભાગવત સપ્તાહ દરમ્યાન આવેલ ઉત્સવના દાનના દાતાશ્રીઓ**

(૧) ૧,૦૧,૦૦૧/-ધીરૂભાઈ માવજીભાઈ પટેલ (પોથીયાત્રા)
(૨) ૫૨,૦૦૧/-જગદીશભાઈ ભીમજીભાઈ ડુમાણિયા (ખાતમુહૂર્ત)
(૩) ૩૬,૦૦૧/-ઈશ્વરભાઈ નરસીભાઈ ચાવડા (રૂક્ષમણિ વિવાહ)
(૪) ૩૫,૦૦૧/-દલસુખભાઈ ધરમશીભાઈ બોટાદરા(કૃષ્ણજન્મ)
(૫) ૨૫,૨૫૧/-ભીમજીભાઈ કાનજીભાઈ ચાવડા(કૃષ્ણ વિવાહ)
(૬) ૨૧,૦૦૧/-સુરેશભાઈ તળશીભાઈ પટેલ (પ્રથમ દિવસ પોથીયાત્રા)
(૭) ૨૦,૦૦૧/-હાર્દિકભાઈ અરજણભાઈ પરમાર (રામ અવતાર)
(૮) ૧૧,૦૦૧/-કાંતિભાઈ શિવાભાઈ પરમાર (વામન અવતાર)

વાસણા (તા. ધંધુકા)નું ૧૦૦ વર્ષથી વધુ જુનું રામજી મંદિર કાળક્રમે જર્જરિત થઈ જતાં ગામના સંતો, આગેવાનો, અને ગ્રામજનોએ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કરી આજથી ત્રણ વર્ષ પૂર્વે રાજસ્થાની પથ્થરોના કોતરકામ, ઘડતર અને ચણતરની શરૂઆત કરી. મંદિર ચોરો, પગથિયા, ઓટલા વગેરેનું કામ પુરૂં થતાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ગામના બધી જ જ્ઞાતિના આગેવાનો, સંતો, વડીલો, માતાઓ, યુવાભાઈ -બહેનોના સહકારથી વિખ્યાત મહાન સંતોની ઉપસ્થિતિમાં ત્રણ દિવસ ખૂબ ધામધૂમથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, દેવ-દેવીઓની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા, ધ્વજા -રોહણ, યજ્ઞ, હોમ-હવન- સમૂહ ભોજન, રાસ -ગરબા, સંતવાણીનો લોક ડાયરો, ધર્મ સભા, સમૂહ ભોજન, નગરયાત્રા વગેરે ભવ્યાતિભવ્ય રીતે કરી ગામ, બહાર ગામના આગેવાનો, મહેમાનો લોકોની વિરાટ ઉપસ્થિતિમાં શ્રીરામજી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત ઉત્સાહ અને ધર્મમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

મંદિર રૂ. ૪૫ લાખના ખર્ચે, ત્રણ વર્ષે તૈયાર થયું છે પાયાથી શીખર સુધીનો ભાગ રાજસ્થાની કોતરકામવાળા પથ્થરોથી નિર્માણ થયો છે, પગથિયા, ઓટલા, ચોરો વગેરે ઉંચી જાતના સુંદર આરસ પથ્થરોથી બનેલ છે. મંદિર ઉંચું વિશાળ અને દર્શનીય છે.

શ્રી રામજી મંદિરની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિદ્વાન ભુદેવોએ શાસ્ત્રોકત વિધિથી ઉમદા રીતેકરી હતી. મૂર્તિપ્રતિષ્ઠા, નગરયાત્રા, ધ્વજારોહણ, રાસ, ગરબા, સંતવાણીનો લોકડાયરો, સમૂહ ભોજન વગેરે

કાર્યક્રમોમાં તમામ સંતો, ગ્રામજનો, દાતાઓ અને ધર્મલાભ લેનાર યજમાનો ઉપરાંત બહાર ગામના પ્રતિષ્ઠિત આગેવાનો, મહેમાનોની ઉપસ્થિતિ પ્રશંસા ને પાત્ર હતી. ઉપસ્થિત સર્વેએ તન-મન-ધનથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને સફળ બનાવવા ઉમદા સહકાર આપ્યો હતો. કમિટિના આગેવાનો ભગીરથ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ કર્યો હતો. બધા જ કાર્યક્રમો દિવ્ય, ભવ્ય, અનુપમ અને અનન્ય હતા. દાન ભેટ નાના મોટા, ગરીબ-તવંગર બધાએ ગજા ઉપવટ જઈને આપી હતી. મુખ્યદાતાઓની યાદી આ સાથે છે. નાની રકમ દાતાઓની યાદી અત્યંત લાંબી છે. ભાગ્યેજ કોઈએ રૂ. ૧૧,૦૦૦/- થી ઓછી રકમ દાનમાં આપી છે.

વાસણા (ભાલ) ના ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી, અમૂલ્ય ધર્મલાભ લઈ, પુણ્યનું ભાથું બાંધી, સંતો-મહંતોના દર્શન કરી ભવ્યાતિભવ્ય અને ધન્યાતિધન્ય બનાવવા બદલ કાર્યક્રમમાં પધારેલ સર્વે - અબાલ-વૃદ્ધો, સંતો, ભૂદેવો, કલાકારો, દાતાઓ આગેવાનો, કાર્યકરો, ધર્મલાભ લેનાર સર્વે ભાગ્યશાળીઓને દુનિયાભરના ધર્મ પ્રેમીઓ તરફથી કોટિ કોટિ ધન્યવાદ. ભગવાન આ સત્કાર્ય બદલ બધાને તન-મન-ધન આરોગ્યનું અખંડ સુખ પ્રદાન કરે તેવી પ્રભુ-પ્રાર્થના.

કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા રહી - નાત-જાતના ભેદભાવ વગર બધા જ કાર્યક્રમો એકતા અને સમરસતા સાથે સંપન્ન થયા હતા. જે સમાજ માટે પ્રેરણાદાયી છે.

વિશેષ નોંધ : ગામમાં મુખ્ય વસ્તી સતવારાની છે પટેલ થોડા છે, પણ સુખી છે. ગામ ભાલ વિસ્તારમાં હોવાથી જમીન ફળદ્રુપ છે. ધંધુકા ફકત ત્રણ કિ.મી. હોવાથી ધંધા - રોજગાર માટે ખૂબ લાભ કારક છે. ગામવાસીઓ સંતોષી, ધર્મપ્રેમી અને ઉદાર છે.

**સંકલન :**

**લિ. ચાવડા શ્રી પ્રવિણભાઈ વશરામભાઈ**
**(મુખ્ય ધજાના દાતા શ્રી) મુ.વાસણા,**
**ચાવડા શ્રી ઇશ્વરભાઈ નરસીભાઈ**
**(રૂક્ષમણી વિવાહના દાતાશ્રી) મુ. અમદાવાદ**

## એન્જીનીયરીંગ કોલેજમાં કયા ટ્રેડમાં પ્રવેશ મેળવવો તેના માટે મદદરૂપ થવા અંગે

જય સિદ્ધનાથ,

સમાજના આદરણીય ભાઈઓ અને બહેનોને નમસ્તે

અમો એન્જીનીયરીંગ કોલેજ અભ્યાસ સાથે સંકળાયેલા પ્રોફેસરોનો સમૂહ છીએ. હાલ ડિપ્લોમાં તેમજ ડિગ્રી એન્જીનીયરીંગના અભ્યાસક્રમ માટે એડમિશન પ્રક્રિયા ચાલી રહી છે. સમાજના વાલીઓ અને વિદ્યાર્થીઓને કારકિર્દીની પસંદગીમાં અનુભવાતી મૂંઝવણ, કઈ કોલેજમાં એડમિશન લેવું, કઈ બ્રાન્ચમાં એડમિશન લેવું, ઓનલાઈન એડમિશન વખતે ઉદ્‌ભવતા પ્રશ્નો, રાજ્ય સરકારની સ્કોલરશીપ અને અન્ય કારકિર્દી અને એડમીશનને લગતા પ્રશ્નો માટે મદદરૂપ થવા માટે અમો અમારાથી બનતી મદદ કરવા તૈયાર છીએ.

આપ નીચેના નંબરો પર સમાજના પ્રોફેસરોને સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકો છો.

**● ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર**

સંદીપ રાઠોડ - અમદાવાદ (JOSAA, IIT, LNIT ACPC માટે-મો. ૯૪૨૭૪ ૪૫૫૫૯
સુરેશ નકુમ - રાજકોટ - મો. ૯૪૦૯૧૭૮૦૨૨
કોમલ સોનગરા - ભુજ - મો. ૯૯૦૪૦ ૧૪૪૧૬
વિનોદ મકવાણા - ભુજ - મો. ૯૫૧૦૩૩૦૬૬૧
શ્યામ ડાભી - પાલનપુર - મો. ૯૯૦૪૮૮૪૫૩૦
જીગર સથવારા - મોડાસા - મો. ૯૮૯૮૨૪૫૧૯૩
ડી.બી. સથવારા- મો. ૯૯૭૪૫૪૨૦૯૭
સ્નેહલ સથવારા - રાજકોટ - મો. ૭૨૦૨૦૫૯૬૮૬

ડિપ્લોમાં એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર

મહેશ જે. વઢવાણિયા - અમદાવાદ - મો. ૯૪૨૬૨ ૨૧૪૬૦ (MYSY, CMSS, ISEL, etc)
રાજેશ જાંબુકીયા - અમદાવાદ મો. ૯૪૨૯૩૬૩૦૮૯
ધારા એમ. કણઝરિયા-અમદાવાદ મો. ૯૪૨૮૧૦૭૫૦૯
વનરાજ ડોડીયા - સુરેન્દ્રનગર મો. ૯૬૦૧૨૯૨૫૨૫
રાકેશ બુમતારીયા - પોરબંદર મો. ૯૯૨૪૪ ૦૨૮૦૮
અભય નકુમ - જામનગર મો. ૯૪૨૭૭ ૭૧૦૯૧
ભાવીન ચાવડા - સુરેન્દ્રનગર મો. ૮૬૫૫૫૬૮૪૫૫
હરગોવન ડાભી - જામનગર મો.-૭૩૫૯૦૧૨૬૦૮
ભરત પરમાર - જુનાગઢ મો. ૯૯૯૮૯૧૦૫૮૦
પ્રવીણ દલવાડી - ગાંધીનગર મો. ૮૪૬૯૮૯૫૪૫૭

**સંકલન : શ્રી પંકજભાઈ કે. પરમાર**

## ડો. જીગ્નેશ આર. ચૌહાણ

M.S. (Gynec), F.M.A.S

સ્ત્રીરોગ નિષ્ણાંત



# શ્રીજીસત્વ

# ગાયનોકેર હોસ્પિટલ

- દુરબીન (લેપ્રોસ્કોપી) વડે ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન
- દુઃખાવા રહીત તથા જોખમી ડિલીવરી, સિઝેરિયન ડિલીવરીની સુવિધા
- વ્યંધત્વ / ઈન્ફર્ટીલીટીની સારવાર
- 3D / 4D સોનોગ્રાફીની સુવિધા
- ટેસ્ટ ટ્યુબ બેબી *(IVF)* ની સારવાર
- *AC VIP Suit* રૂમ, *AC* ડીલક્ષ રૂમ અને *AC* સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ, જનરલ રૂમ

જીનતાન રોડ, મિલન સિનેમા પાસે, સુરેન્દ્રનગર.

મો. ૮૨૦૦૭ ૬૫૨૯૪, ૯૪૦૯૯ ૧૧૦૦૮

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**


LAVANYA
MULTISPECIALITY DENTAL CLINIC

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી
## ડેન્ટલ કિલનિક & ઈમ્પલાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯
૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

સૌજન્ય : વિનોદભાઈ સી. મકવાણા



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



## લાવણ્ય
### મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કિલનિક

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & alginers
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry


## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

To,
..........................................................
..........................................................
..........................................................
..........................................................

**નકલ રવાના :**
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઈ આર. પરમારે પ્રસિધ્ધ કર્યું. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.